# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 26-09-2026 I VOL : 12 I Issue : 191 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


સુવિચાર

સારો સમય પણ પસાર થાય છે અને ખરાબ સમય પણ.


3 
હજીરા, ડુમસ અને મગદલ્લા દરિયા કિનારે ભક્તોનું મહેરામણ : વિસર્જનમાં...

4 
પીએમ મોદીએ કહ્યું- સમાજ માટે કામ કરો:વોટબેંકની...

6 
17 વર્ષ પછી પણ 'ઝોયા'નો જાદુ યથાવત: કહ્યું 'નવી ઓળખથી મને કોઈ..

7 
એશિયન ગેમ્સ- ગુલવીર સિંહે 10 હજાર મીટરમાં સિલ્વર જીત્યો


## એક નજર...

### પ્રકૃતિ પાવનીનો રેડ હોટ અવતાર સોશિયલ મીડિયામાં વાયરલ



પ્રકૃતિ પાવની મનોરંજન ક્ષેત્રની એક ઉભરતી અને અત્યંત પ્રતિભાશાળી અભિનેત્રી તથા મોડેલ છે. તેમણે મુખ્યત્વે દક્ષિણ ભારતીય સિનેમા અને મોડેલિંગ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે. સોશિયલ મીડિયા પર પ્રકૃતિ પાવની ખૂબ જ સક્રિય રહે છે અને પોતાની નવીનતમ ફેશન સ્ટાઈલ અવારનવાર ફેન્સ સાથે શેર કરતી હોય છે.

## NEWS TRACK

### આતંકી હાફિઝ પર સવાલ કર્યો તો પાકિસ્તાની PM ભાગ્યા: UNમાં પત્રકારોએ પૂછ્યા સવાલ

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ ગુરુવારે સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટર પહોંચ્યા હતા. અહીં પત્રકારોએ તેમને લશ્કર-એ-તૈયબાના સ્થાપક હાફિઝ સઈદ અંગે સવાલ કર્યો, પરંતુ શહબાઝ સવાલોનો જવાબ આપ્યા વીના જ આગળ ચાલ્યા ગયા. સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરમાં પ્રવેશતી વખતે પત્રકારોએ શહબાઝને પૂછ્યું, 'વડાપ્રધાન, તમે આતંકવાદીઓને આશ્રય આપવાનું ક્યારે બંધ કરશો?' શહબાઝે આ સવાલનો કોઈ જવાબ આપ્યો નહીં. બહાર નીકળતી વખતે પત્રકારોએ ફરી પૂછ્યું કે પાકિસ્તાન હાફિઝ સઈદ વિરુદ્ધ કાર્યવાહી ક્યારે કરશે, પરંતુ શહબાઝે ફરી કોઈ જવાબ આપ્યો નહીં. હાફિઝ સઈદ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT)નો સ્થાપક છે. ભારતે તેને UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો છે. તે 26/11ના મુંબઈ આતંકવાદી હુમલાના કેસમાં આરોપી છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ એપ્રિલ 2025ના પહેલગામ આતંકવાદી હુમલાની તપાસમાં રજુ કરેલી પૂરક ચાર્જશીટમાં પણ સઈદને આરોપી બનાવ્યો છે.

### ઇટાલીની સ્કૂલોમાં બુરખા-નકાબ પર પ્રતિબંધ:નિયમો તોડવા પર 1 લાખ રૂપિયા સુધીનો દંડ

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની સરકારે સ્કૂલો માટે નવા નિયમોને મંજૂરી આપી છે. આ હેઠળ સ્કૂલોમાં બુરખા અને નકાબ જેવા આખા ચહેરાને ઢાંકતા વસ્ત્રો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ 1,000 યુરો એટલે કે આશરે 1 લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવી શકે છે. આ ઉપરાંત, કેટલાક વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા એક વર્ગમાં 30% સુધી મર્યાદિત કરવામાં આવી છે. જોકે, હિજાબ એટલે કે માથું અને વાળ ઢાંકતા સ્કાર્ફ પર આ પ્રતિબંધ લાગુ નહીં થાય. જો ચહેરો ઢાંકનાર વિદ્યાર્થિની સગીરા હોય, તો દંડ તેના માતા-પિતા પર ફટકારી શકાય છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે 30%ની મર્યાદા દરેક બિન-ઈટાલિયન વિદ્યાર્થી પર લાગુ નહીં થાય. આ મર્યાદા એવા કેટલાક વિદેશી વિદ્યાર્થીઓ માટે છે, જેમને ઈટાલિયન ભાષા અથવા સ્કૂલ વ્યવસ્થાનો પૂરતો અનુભવ નથી. પ્રાથમિક સ્કૂલોમાં એવા બાળકોને આ ગણતરીમાં સામેલ કરવામાં આવશે, જેઓ ઈટાલીમાં જન્મ્યા નથી અથવા જેમણે ઈટાલીની શિક્ષણ વ્યવસ્થામાં ઓછામાં ઓછા 2 વર્ષ પ્રી-સ્કૂલ કર્યું નથી.

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ

# જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કોંગ્રેસનું દેશભરમાં પ્રદર્શન

## દિલ્હી-પટનામાં માર્ચ, દેહરાદૂનમાં કાર્યકર્તાઓ બેરિકેડ્સ પર ચઢ્યા, આસામમાં ગૌરવ ગોગોઈની અટકાયત



નવી દિલ્હી

દેશભરમાં ચૂંટણી પંચ(ECI)ની કામગીરી અને મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)ની પ્રક્રિયાને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામા અને તેમને પદ પરથી હટાવવાની માગ સાથે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષો દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. શુક્રવારે અસમથી લઈને ચંદીગઢ, પટના અને દિલ્હી સુધી ઉગ્ર દેખાવો જોવા મળ્યા હતા, જેમાં અસમ કોંગ્રેસ પ્રમુખ સહિત અનેક અગ્રણી નેતાઓની અટકાયત કરવામાં આવી છે અને કેટલાક સ્થળોએ પ્રદર્શનકારીઓને વિખેરવા પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો. ચૂંટણી પંચના વલણ સામે કોંગ્રેસ કાર્યકરોએ દેશના અલગ-અલગ રાજ્યોમાં આક્રમક દેખાવો યોજ્યા હતા. ચંદીગઢ અને પટના ખાતે રસ્તા પર ઉતરેલા કાર્યકરોને અટકાવવા માટે પોલીસે પાણીનો મારો ચલાવવો પડ્યો હતો. બીજી તરફ ગુવાહાટીમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા અસમ કોંગ્રેસ પ્રમુખ ગૌરવ ગોગોઈ (Gaurav Gogoi) અને અન્ય વરિષ્ઠ પક્ષીય નેતાઓની પોલીસે અટકાયત કરી લીધી હતી. ચંદીગઢમાં પ્રદર્શન દરમિયાન પંજાબ કોંગ્રેસ પ્રમુખ અમરિન્દર સિંહ રાજા વડિંગે આરોપ મૂક્યો હતો કે સમગ્ર દેશમાં મતોની ચોરી થઈ રહી છે અને એકલા પંજાબમાં 20 લાખ મતો કાઢી નાખવામાં આવ્યા છે, જેથી SIR પ્રક્રિયા તુરંત અટકાવીને એફઆઈઆર નોંધવી જોઈએ.

### રાહુલે કહ્યું- જ્ઞાનેશ કુમાર દેશદ્રોહી, CJPએ રાજીનામું માંગ્યું

આ તરફ રાહુલ ગાંધી અને કૉકરોચ જનતા પાર્ટી (CJP)એ પ્રેસ કૉન્ફરન્સ યોજી હતી. CJPએ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે.

બીજી તરફ, રાહુલે કહ્યું હતું- મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશે વોટ ચોરી કરી છે. તેઓ દેશદ્રોહી છે. મેં તેમની નિમણૂકનો વિરોધ કર્યો હતો, પરંતુ સરકારે મારી વાત માની નહોતી. કૉંગ્રેસના નેતૃત્વ હેઠળ વિપક્ષ 6 મહિનામાં બીજી વખત ચૂંટણી કમિશનર વિરુદ્ધ મહાભિયોગ લાવવાની તૈયારીમાં.

### જ્ઞાનેશ કુમારને લઈને ભાજપના સાથી પક્ષો પણ ચિંતિત, કહ્યું- તેમણે જવાબ આપવો જોઇએ

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) રિપોર્ટને કારણે વિવાદ સર્જાયો છે. NDA સાથી પક્ષો સ્પષ્ટતા માંગી રહ્યા છે, જ્યારે વિપક્ષ રાજીનામાની માંગ કરી રહ્યું છે. રાહુલ ગાંધીએ કમિશનરને સરકારી સાક્ષી બનવાની સલાહ આપી છે.

કોકરોચ જનતા પાર્ટીએ 2 ઑક્ટોબરથી દેશવ્યાપી આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલો ઊભા થયા છે.

## સિક્કિમમાં ભૂસ્ખલન, 20થી વધુ ઘર તણાયા

ગ્યાલશિંગ

સિક્કિમના ગ્યાલશિંગ જિલ્લાના રિંબી ગામમાં સતત વરસાદને કારણે ગુરુવારે રાત્રે ભૂસ્ખલન થયું. તેમાં



20થી વધુ ઘર અને સરકારી ક્વાર્ટર તણાઈ ગયાં. જોકે, અત્યાર સુધી કોઈના મૃત્યુની માહિતી નથી.

બંગાળની ખાડીમાંથી ઉદ્ભવેલો અર્નબ ચક્રવાત હવે નબળો પડી ગયો છે. તેના કારણે ઓડિશામાં ભારે વરસાદ સાથે અચાનક પૂર અને ભૂસ્ખલનનું જોખમ યથાવત છે. રાજ્યના દક્ષિણ અને પશ્ચિમ વિસ્તારોમાં નીચાણવાળા તથા ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં રહેતા આશરે 10 હજાર લોકોને 200 રાહત કેન્દ્રોમાં ખસેડવામાં આવ્યા છે. ચક્રવાતથી 9 રાજ્યોને અસર થઈ છે. આગામી 24 કલાકમાં છત્તીસગઢ, તટીય આંધ્ર પ્રદેશ, ઓડિશા અને તેલંગાણામાં ભારે વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં 50-60 કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવા સાથે ગાજવીજ પણ થઈ શકે છે.

## એર ઇન્ડિયાના પાઇલટ આલ્કોહોલ ટેસ્ટમાં ફેલ થતાં સસ્પેન્ડ

મુંબઈ

એર ઈન્ડિયાના પાઈલટને ઝ્યુરિખ-દિલ્હી ફ્લાઈટ પહેલાં આલ્કોહોલ ટેસ્ટમાં ફેલ થવા બદલ શુક્રવારે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ફાઈનલ મેડિકલ રિપોર્ટ અને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી પાઈલટનું સસ્પેન્શન ચાલુ રહેશે. આ મામલો 6 સપ્ટેમ્બરનો છે. ટેકઓફ પહેલાં ગ્રાઉન્ડ હેન્ડલિંગ સ્ટાફને પાઈલટ પાસેથી દારૂની ગંધ આવી હતી. તેમણે અધિકારીઓને તેની જાણ કરી, ત્યારબાદ પાઈલટને વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. આલ્કોહોલ ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ પાઈલટને ટેકઓફના થોડા સમય પહેલાં ઝ્યુરિખ એરપોર્ટ પર વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. તેમને મુસાફરની જેમ એ જ ફ્લાઈટમાં ભારત મોકલવામાં આવ્યા હતા.

## દેશભરમાં ગણેશ વિસર્જન

### મુંબઈમાં 25,000 જવાનો તૈનાત: 350થી વધુ કુંડ બનાવવામાં આવ્યા



મુંબઈ

આજે ગણેશ ઉત્સવનો છેલ્લો દિવસ છે. દેશભરમાં ગણેશ મૂર્તિઓનું નદીઓ, તળાવો, સરોવરો અને કૃત્રિમ કુંડોમાં વિસર્જન કરવામાં આવી રહ્યું છે. મુંબઈમાં 25 હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત રહેશે. વિસર્જન માટે 383 કૃત્રિમ કુંડ બનાવવામાં આવ્યા છે. હૈદરાબાદમાં પણ 25-30 હજાર પોલીસકર્મીઓ સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળશે. દેખરેખ માટે 24 ડ્રોન અને 10 હજાર CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. હુસૈન સાગરની આસપાસ 100 વધારાના કેમેરા લગાવવામાં આવ્યા છે, જ્યારે સરોવરના કિનારે ક્રેન, ઈમરજન્સી બોટ, ગોતાખોરો અને મેડિકલ પોસ્ટ તૈનાત કરવામાં આવ્યા છે. જુલૂસો દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન અને અનેક પ્રતિબંધો અમલમાં રહેશે. BMC અનુસાર, આ વર્ષે અત્યાર સુધી 12 દિવસ સુધી ચાલનારા તહેવાર દરમિયાન દોઢ દિવસ, પાંચ દિવસ, છ દિવસ અને સાત દિવસના સમયમાં 1,63,386 ગણપતિ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે. છત્રપતિ સંભાજીનગરમાં શુક્રવારે અનંત ચતુર્દશીના અવસરે 1.65 લાખથી વધુ ઘરોમાં સ્થાપિત ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. વહીવટીતંત્રે ભીડ અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળવા માટે 2,500થી વધુ જવાનોને તૈનાત કર્યા છે.

શહેરના 941 ગણેશ મંડળોની મૂર્તિઓનું પણ વિસર્જન કરવામાં આવશે. શહેરમાં મુખ્ય વિસર્જન જુલૂસ ગણપતિ મંદિરથી શરૂ થશે. મહાનગરપાલિકાએ નાની મૂર્તિઓના વિસર્જન માટે 22 સ્થળો નક્કી કર્યા છે. 6 ફૂટથી વધુ ઊંચી મૂર્તિઓનું વિસર્જન હરસૂલ તળાવ અને કાયગાંવ ટોકા ખાતે ગોદાવરી નદીમાં કરવામાં આવશે.

## અદાણી સમૂહ પશ્ચિમ બંગાળમાં રૂપિયા એક લાખ કરોડથી વધુનું રોકાણ કરશે

કોલકાતા

અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીએ પશ્ચિમ બંગાળ માટે એક મોટી રોકાણ યોજનાનો પ્લાન રજૂ કર્યો છે. સમૂહ ૨૦૩૫ સુધીમાં બંગાળમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવાની યોજના ધરાવતું હોવાની જાહેરાત સમૂહના ચેરમેન ગૌતમ અદાણીએ ગુરૂવારે કરી હતી. આ રોકાણ વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવશે. જેમાં બંદર, લોજિસ્ટિક્સ, વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન, રસ્તાઓ, પુલો અને રોપવે, ગ્રીન સિમેન્ટ અને હાઈપરસ્કેલ ડેટા સેન્ટર જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ જાહેરાતથી પશ્ચિમ બંગાળમાં સમૂહની હાજરી વધુ વ્યાપક બનવાની સંભાવના છે. કોલકાતા નજીક ન્યુ ટાઉન વિસ્તારમાં બે હજાર બેડની હોસ્પિટલના શિલાન્યાસ કાર્યક્રમ દરમિયાન ગૌતમ અદાણીએ આ જાહેરાત કરી હતી. આ દરમિયાન સભાને સંબોધતા અદાણીએ જણાવ્યું હતું કે સમૂહ મલ્ટી-સ્પેશિયાલિટી 'અદાણી આરોગ્ય મંદિર' પર ૪,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે. આ હોસ્પિટલનું નામ અદાણી આરોગ્ય મંદિર રાખવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટથી આશરે ૧૦,૦૦૦ લોકો માટે રોજગારની તકો ઊભી થશે. આ હોસ્પિટલને નોન-પ્રોફિટ મોડલ પર વિકસાવવામાં આવશે. જેના અડધા બેડ આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામત રાખવાની યોજના છે. આ સુવિધામાં રિસર્ચ અને કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે એક મેડિકલ કોલેજ પણ હશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# દહેજ GIDCમાં SUNFRIO CHEMICAL સામે પ્રદૂષણના આક્ષેપોથી ખળભળાટ!!!

**વાગરા તાલુકા મા આવેલ દહેજ GIDC મા વડદલા ગામ નજીક SUNFRIO CHEMICAL કંપની માંથી કલરવાળું અને દુર્ગંધયુક્ત પાણી બહાર નીકળતું હોવાનો દાવો; કંપની પાસેથી પસાર થવું પણ મુશ્કેલ હોવાના સ્થાનિકોના આક્ષેપો — GPCB સમક્ષ ફરિયાદ, હવે તપાસની રાહ**









ભરૂચ, રંગુની જાકીર

વાગરા તાલુકાના દહેજ GIDC વિસ્તારમાં આવેલ વડદલા ગામ નજીક આવેલી SUNFRIO CHEMICAL PRIVATE LIMITED કંપની સામે પ્રદૂષણને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે.

કંપનીમાંથી કલરવાળું તથા દુર્ગંધ મારતું કેમિકલમિશ્રિત પાણી બહાર કાઢવામાં આવતું હોવાના આક્ષેપો થતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે.

સ્થાનિકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપ મુજબ, કંપનીની બાજુમાંથી પસાર થતી વખતે પણ તીવ્ર અને અસહ્ય કેમિકલ જેવી દુર્ગંધ અનુભવાય છે. જેના કારણે કંપની આસપાસના વિસ્તારમાં હવાની ગુણવત્તા અને ઔદ્યોગિક કામગીરી અંગે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને દુર્ગંધનું સ્ત્રોત શું છે અને કંપનીની ઉત્પાદન પ્રક્રિયા સાથે તેનો કોઈ સંબંધ છે કે કેમ, તે તપાસનો વિષય બન્યો છે.

કલરવાળું પાણી કેમ? જવાબદાર કોણ?

કંપનીની આસપાસ કલરવાળું પાણી જોવા મળતું હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. આ પાણી માત્ર સામાન્ય ઔદ્યોગિક પ્રવાહી છે કે તેમાં કોઈ કેમિકલ અથવા પ્રદૂષક તત્વો ભળેલા છે, તે જાણવા માટે સ્થળ પરથી GPCB દ્વારા પાણીના સત્તાવાર નમૂના લઈ માન્ય લેબોરેટરીમાં તપાસ કરવી જરૂરી બની છે.

જો પાણીમાં પ્રદૂષક તત્વો નિયમિત મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં મળી આવે અથવા કોઈપણ પ્રકારનો અનધિકૃત નિકાલ થતો હોવાનું તપાસમાં બહાર આવે, તો પર્યાવરણના નિયમો મુજબ જવાબદારી નક્કી કરવાની જરૂરિયાત ઊભી થઈ શકે છે.

આ સમગ્ર મામલે ભરૂચ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ GPCB ને ટેલિફોનિક જાણ કરવામાં આવી છે.અને GPCB ના સાહેબ શ્રી વાઘમસિંહ સાહેબ ને તેમના વોટ્સઅપ ઉપર તમામ માહિતી અને વિડિઓ ફોટા મોકલી આપ્યા છે.હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે GPCB દ્વારા સ્થળ પર વાસ્તવિક તપાસ કરવામાં આવશે કે નહીં, કંપનીની કામગીરીની તપાસ થશે કે નહીં અને પાણી તથા અન્ય જરૂરી નમૂનાઓ લઈને વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવશે કે નહીં.

સ્થાનિક સ્તરે એવી માંગ ઉઠી રહી છે કે માત્ર કાગળ પર તપાસ પૂર્ણ ન કરવામાં આવે પરંતુ સ્થળ પર જઈને વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવે, પાણીના નમૂના લેવામાં આવે, દુર્ગંધના સ્ત્રોતની તપાસ કરવામાં આવે અને તપાસના પરિણામો સ્પષ્ટ કરવામાં આવે.

ઔદ્યોગિક વિકાસ સામે પર્યાવરણની સુરક્ષાનો સવાલ

દહેજ GIDC વિસ્તારમાં મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમો કાર્યરત છે. ઔદ્યોગિક વિકાસ જરૂરી છે, પરંતુ તેની સાથે આસપાસના ગામો અને માર્ગો પરથી પસાર થતા લોકોના પર્યાવરણ અને સલામતીના પ્રશ્નોને પણ અવગણી શકાય નહીં.

SUNFRIO CHEMICAL અંગે કરવામાં આવેલા આક્ષેપો હકીકતમાં કેટલા સાચા છે તે GPCBની વૈજ્ઞાનિક તપાસ બાદ જ સ્પષ્ટ થશે. કંપની દ્વારા કોઈ નિયમવિરોધી પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે કે નહીં તે અંગે હાલ કોઈ અંતિમ નિષ્કર્ષ કાઢી શકાય તેમ નથી.

પરંતુ કલરવાળું પાણી અને તીવ્ર દુર્ગંધ અંગે કરવામાં આવેલી ફરિયાદને ગંભીરતાથી લઈને GPCB દ્વારા સ્થળ તપાસ અને વૈજ્ઞાનિક નમૂના પરીક્ષણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

હવે સમગ્ર મામલે સૌની નજર GPCBની કાર્યવાહી અને તપાસના પરિણામો પર ટકેલી છે. તપાસમાં જો આક્ષેપોમાં તથ્ય બહાર આવે તો જવાબદારી નક્કી કરીને નિયમ મુજબ પગલાં લેવાશે કે નહીં, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

## ક્રેડિટ કાર્ડના રિવોર્ડ પૉઇન્ટ્સના નામે : સૉફ્ટવેર એન્જિનિયર સાથે 90 હજારની છેતરપિંડી

ગાંધીનગર

સરગાસણની સોસાયટીમાં રહેતા અને અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી આઈટી કંપનીમાં સિનિયર સોફ્ટવેર એન્જિનિયર તરીકે નોકરી કરતા યુવક ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યા છે. યુવક અંગત વપરાશ માટે માતાના નામના એક્સિસ બૅન્કના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરે છે.

10મીએ બપોરે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતે એક્સિસ બૅન્કમાંથી બોલતો હોવાનું કહીને ક્રેડિટ કાર્ડ પર રિવોર્ડ પૉઇન્ટ્સ વધારી આપવા તથા રૂ. 4 હજારનું કૅશબેક મેળવવાની લાલચ આપી હતી.

યુવક ગઠિયાએ આપેલી સૂચના મુજબ પોતાના ફોનમાં ગુગલ ઓપન કરીને આગળની પ્રોસેસ કરવા લાગ્યા હતા. એ દરમિયાન ઠગે ક્રેડિટ કાર્ડ નંબર અને ઓટીપી મેળવી લીધો હતો. ઓટીપી શેર થતાંની સાથે જ યુવકની જાણ બહાર અને મંજૂરી વગર ક્રેડિટ કાર્ડમાંથી રૂ. 90,246 કપાઈ ગયાનો મેસેજ આવ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતાં જ તેમણે તરત જ સ્ટેટ સાયબર સેલના ટોલ-ફ્રી નંબર 1930 પર કોલ કરીને ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી.

## ભારતમાલા એક્સપ્રેસ વે પર ડમ્પર પાછળ હેરિયર ઘૂસી, 4ના મોત: કારમાં સવાર લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ

સુરત

સુરત જિલ્લામાંથી પસાર થતા ભારતમાલા એક્સપ્રેસ વે પર કામરેજ નજીક ઊભેલા ડમ્પર પાછળ પૂરઝડપે આવતી હેરિયર કાર ધડાકાભેર ઘૂસી જતાં ભયાનક અકસ્માત સર્જાયો છે. મુંબઈથી શંખેશ્વર મંદિરે દર્શન કરવા જઈ રહેલા પરિવારના કારમાં સવાર 4 લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. આ કાળમુખી દુર્ઘટનાને પગલે હાઈવે પર અરેરાટી સાથે ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

ડમ્પરના ચાલકે વાહનમાં એર પ્રેશરની અચાનક સમસ્યા ઊભી થવાના કારણે તેને રોડ પર ઊભું રાખ્યું હતું. આ દરમિયાન પાછળથી પૂર ઝડપે આવી રહેલી હેરિયર કાર ઉભેલા ડમ્પર પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો સર્જાયો હતો કે કારનો કૂચડો વળી ગયો હતો અને સવાર ચારેય લોકોના મોત નિપજ્યા હતા.

સુરત જિલ્લા એસપીએ જણાવ્યું હતું કે,'આજે સવારે મુંબઈથી અમદાવાદ નેશનલ હાઈવે (NH-4) પર તાપી નદીના બ્રિજ આગળ દિગસ ગામની સીમ વિસ્તારમાં એક અત્યંત દુખદ અકસ્માત સર્જાયો છે. હાઈવે પર ડાબી તરફની પાંચમી લેન (ઈમરજન્સી લેન) માં એક ડમ્પર ઊભું હતું. પ્રાથમિક માહિતી મુજબ ડમ્પરમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ હોવાને કારણે તે ત્યાં ઊભું હતું, જે અંગે નિષ્ણાતો દ્વારા વધુ પરીક્ષણ કરાવવામાં આવશે. દરમિયાન, મુંબઈથી શંખેશ્વર જઈ રહેલી એક ટાટા હેરિયર કાર આ ઊભેલા ડમ્પર પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ કારમાં કુલ 4 મુસાફરો સવાર હતા અને ચારેય મુસાફરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને NH-4 ની પેટ્રોલીંગ વાન તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી.

## SD PAY-APNA PAY એપથી ઊંચા વળતરની લાલચ આપી લાખોની ઠગાઈ:વડોદરા સાયબર ક્રાઈમે ઔરંગાબાદથી ઝડપ્યો માસ્ટરમાઇન્ડ

વડોદરા

SD PAY / APNA PAY એપ્લિકેશન અને વેબસાઈટના માધ્યમથી રોકાણ કરાવી ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી આચરવાના કેસમાં વડોદરા શહેર સાયબર ક્રાઈમ પોલીસે મહારાષ્ટ્રના ઔરંગાબાદમાંથી એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આરોપી સુધી પહોંચી કડક કાર્યવાહી હાથ ધરી છે. આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ સામે પણ ગાળિયો મજબૂત કરવામાં આવી રહ્યો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. 5 લાખના રોકાણ સામે 9.83 લાખનું ખોટું કેશબેક દર્શાવ્યું સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીઓએ અગાઉથી આયોજિત ગુનાહિત કાવતરું રચી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવવા SD PAY / APNA PAY નામની એપ્લિકેશન અને વેબસાઈટ ઊભી કરી હતી. ફરિયાદી પાસેથી ફેબ્રુઆરીથી ઓગસ્ટ દરમિયાન તબક્કાવાર કુલ 5,02,888 ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. આ રોકાણ પર વળતર અને કેશબેક સહિત એપ્લિકેશન ડેશબોર્ડ પર આશરે 9,83,458 ની રકમ ઉપલબ્ધ હોવાનું દર્શાવવામાં આવતું હતું.

## રાજકોટમાં લોખંડ, સ્ટીલના વેપારીઓના 227 કરોડના બોગસ બિલ: ગુપ્તરાહે તપાસ શરૂ

રાજકોટ

24 સપ્ટેમ્બર દિલ્હીમાંથી પકડાયેલા જીએસટી બોગસ બિલિંગ અને ખોટી વેરાશાખ ઉસેડવાના કૌભાંડમાં ગુજરાતમાં સ્ટીલના વેપાર સાથે જોડાયેલા વેપારીઓ અને પેઢીઓ સામે જીએસટી વિભાગે મોટો ગાળિયો કસ્યો છે. જીએસટી વિભાગ દ્વારા રાજકોટ, ભાવનગર અને ભરૂચ સ્થિત વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ભાવનગર સહિત કરવામાં આવેલી તપાસના તાર દિલ્હીમાં સામે આવેલા રૂ. 227 કરોડના બોગસ બિલિંગ કૌભાંડ સાથે ગુંથાયા છે.

તાજેતરમાં જ દિલ્હી સ્થિત સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા લોખંડ અને સ્ટીલના વેપારીઓ સામે મોટી કાર્યવાહી કરીને બે અલગ-અલગ કેસમાં બે વ્યક્તિઓની ધરપકડ કરાઈ હતી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) હવે બોગસ બિલિંગ કૌભાંડો પકડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, ડિજિટલ ફોરેન્સિક્સ અને કેન્દ્રીય એજન્સીઓ સાથેના ડેટા શૅરિંગનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી રહી છે.

## ગાંધીનગર મનપા ચૂંટણી માટે કોંગ્રેસ બાદ ભાજપની પ્રથમ યાદી જાહેર : ભાજપે મેયર-ડેપ્યુટી મેયરની ટિકિટ કાપી

પાર્ટીએ જ્યાં વિવાદ થયા એવા વોર્ડમાં રિપીટની થિયરી અપનાવી સ્થાનિક જાતિગત સમીકરણને સાંકળીને ચૂંટણી જંગ જીતવાનો રોડમેપ તૈયાર કર્યો છે. તો બીજી તરફ કોંગ્રેસે OBC અને મહિલા કાર્ડ રમી 5 વોર્ડના 20 ઉમેદવારો જાહેર કર્યા છે

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે ભાજપે તેના 8 વોર્ડના 32 ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત કરી છે. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના મોવડી મંડળની પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠકમાં ગહન મંથન બાદ આ યાદી જાહેર કરવામાં આવી છે.

પાર્ટીએ જ્યાં વિવાદ થયા એવા વોર્ડમાં રિપીટની થિયરી અપનાવી સ્થાનિક જાતિગત સમીકરણને સાંકળીને ચૂંટણી જંગ જીતવાનો રોડમેપ તૈયાર કર્યો છે. તો બીજી તરફ કોંગ્રેસે OBC અને મહિલા કાર્ડ રમી 5 વોર્ડના 20 ઉમેદવારો જાહેર કર્યા છે.

ભાજપની યાદીમાં વોર્ડ-1 માં શિલ્પાબેન કનુજી ઠાકોર, અંજનાબેન સુરેશભાઈ મહેતા, ગૌરાંગ સુરેશભાઈ પટેલ અને મહેશકુમાર




નટુભાઈ ચૌધરી (મેટ્રો) પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. આ વોર્ડમાં ઠાકોર સમાજ અને પાટીદાર મતોનું પ્રભુત્વ વધારે છે. આ ઉમેદવારો પૈકી અંજનાબેન મહેતાને રિપીટ કરાયા છે. તેમને રિપીટ કરીને બ્રાહ્મણ અને પ્રબુદ્ધ વર્ગને સાંકળવાનો પ્રયાસ કરાયો છે. તો ગૌરાંગ પટેલ પાટીદાર સમાજના વોટબેંકને મજબૂત કરશે, જ્યારે મહેશકુમાર ચૌધરી (મેટ્રો) નામે શહેરી અને મેટ્રો વિસ્તારના નવ-વિકસિત ઝોનના મતદારોને આકર્ષવા માટે દાવ ખેલાયો છે, ત્યારે મહેશકુમાર ચૌધરી જાણીતા શિક્ષાપત્રી ગૃપના બિલ્ડર છે. કનુ દેસાઈ, મહેશ દેસાઈ અને અંકિત બારોટ વચ્ચે મેયર પદને લઈને ખેંચતાણ રહેવાની છે. વોર્ડ-3 માં ભાજપે મિતલબેન હાર્દિકભાઈ ખિમસુરીયા, સોનાલીબેન ઉરેનકુમાર પટેલ, અંકિત અશ્વિનભાઈ બારોટ અને ઉમેશભાઈ રમેશચંદ્ર જ્હાને મેદાનમાં ઉતાર્યા છે. આ પસંદગી દર્શાવે છે કે પક્ષે અહીં વિવિધ સામાજિક વર્ગોનો સમન્વય કરી આંતરિક રોષ ઠારવા મોટો પ્રયાસ કર્યો છે. સોનાલીબેન પટેલ અને અંકિત બારોટ પણ ચાલુ ટર્મમાં કોર્પોરેટર છે. રસપ્રદ વાત છે કે, ગત ચૂંટણીમાં 44 બેઠકોમાંથી કોંગ્રેસ અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ ઉપરાંત આમ આદમી પાર્ટીમાંથી તુષાર પરીખ ચૂંટાઈને આવ્યા હતા.

## ગાંધીનગરમાં નિવૃત્ત સરકારી કર્મીની દાતરડાંથી કરપીણ હત્યા

**અવાવરૂ સરકારી પ્લોટમાં મોરને દાણા નાખતા હતા તે સમયે પ્રાણપંખેરું ઊડી ગયું; શંકાસ્પદ ચોકીદારની અટકાયત**

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-26 ખાતે સ્થાયી થયેલા અને મૂળ વાવોલ ગામના વતની એવા પાટનગર યોજના વિભાગના નિવૃત્ત કર્મચારી રમેશભાઈ મોતીભાઈ પટેલની ચરેડી સ્થિત અવાવરુ સરકારી જગ્યામાં દાતરડા જેવા ધારદાર હથિયાર વડે ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી દેવાઈ છે. મૃતક નિત્યક્રમ મુજબ અહીં એકઠા થતા સેંકડો મોરને મકાઈના દાણા ખવડાવવા માટે ગયા હતા જ્યાં આ ખૂની ખેલ ખેલાયો હતો. આ મામલે પોલીસે ચોકીદારને રાઉન્ડ અપ કરી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક સરકારી પ્લોટમાં જઈને શાંતિથી ખુરશી પર બેસી મોરને દાણા નાખતા હતા. ત્યારે જ કોઈ અજાણ્યા શખસે અચાનક આવીને તેમના પર દાતરડા વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. જેના કારણે રમેશભાઈ લોહીલુહાણ હાલતમાં ખુરશીમાં ઢળી પડ્યા હતા અને ઘટનાસ્થળે જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ નિર્જન જગ્યાએ બનેલી ઘટનાની જાણ થતાં જ સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સેક્ટર-21 પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસ અને આસપાસના લોકોની પૂછપરછના આધારે પોલીસે શંકાના દાયરામાં આવેલા તે જગ્યાના ચોકીદારને રાઉન્ડઅપ કરીને તેની સઘન પૂછપરછ હાથ ધરી છે.

## ગુ. પોલીસમાં 342 જગ્યા પર કરાર આધારિત ભરતી: 15 ઓક્ટોબર સુધી અરજી કરી શકાશે

ઉમેદવારોએ પોતાની અરજી DG of Police (Training), ગુજરાત રાજ્ય, 6ઠ્ઠો માળ, પોલીસ ભવન, સેક્ટર-18, ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે, આ ઉપરાંત નિયત ઇ-મેઇલ દ્વારા પણ અરજી મોકલી શકાશે

ગાંધીનગર

ગુજરાત પોલીસના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ટ્રેનિંગ)ની કચેરી દ્વારા રાજ્યના વિવિધ પોલીસ ટ્રેનિંગ સેન્ટરોમાં ભરતી તાલીમ માટે નિવૃત્ત આર્મી, પેરામિલિટરી ફોર્સ તથા નિવૃત્ત ગુજરાત પોલીસ કર્મચારીઓની કરાર આધારિત ભરતી જાહેર કરવામાં આવી છે. આ ભરતી અંતર્ગત કુલ 342 જગ્યાઓ માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ભરતી સંપૂર્ણપણે કરાર આધારિત અને અસ્થાયી ધોરણે કરવામાં આવશે. જાહેર કરાયેલી ભરતીમાં આસિસ્ટન્ટ ડ્રિલ ઈન્સ્ટ્રક્ટર, ડ્રિલ ઈન્સ્ટ્રક્ટર, ચીફ ડ્રિલ ઈન્સ્ટ્રક્ટર તેમજ સુપરવાઈઝરી ઓફિસર સહિતની વિવિધ જવાબદારીઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આસિસ્ટન્ટ ડ્રિલ ઈન્સ્ટ્રક્ટર માટે કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, ASI, સિપોય, લાન્સ નાયક, નાયક, હવાલદાર અથવા સમકક્ષ રેન્કના નિવૃત્ત કર્મચારીઓ અરજી કરી શકશે. ડ્રિલ ઈન્સ્ટ્રક્ટરની જગ્યા માટે SI, નાયબ સુબેદાર અથવા સમકક્ષ રેન્કના નિવૃત્ત કર્મચારીઓ પાત્ર રહેશે. જ્યારે ચીફ ડ્રિલ ઈન્સ્ટ્રક્ટર માટે પોલીસ ઈન્સ્પેક્ટર, સુબેદાર, સુબેદાર મેજર અથવા સમકક્ષ રેન્ક ધરાવતા નિવૃત્ત




કર્મચારીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. સુપરવાઈઝરી ઓફિસરની જગ્યા માટે નિવૃત્ત SP, DySP તેમજ આર્મીમાં લેફ્ટનન્ટથી લઈ કમાન્ડન્ટ અને આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સમકક્ષ રેન્ક ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. આ નિમણૂકમાં પોલીસ તાલીમ સાથે સંકળાયેલી વિવિધ જવાબદારીઓ નિભાવવાની રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત ફોર્મેટમાં જરૂરી દસ્તાવેજો સાથે 15 ઓક્ટોબર, 2026 સુધીમાં અરજી કરવાની રહેશે. નિર્ધારિત તારીખ બાદ મળેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવારોએ પોતાની અરજી DG of Police (Training), ગુજરાત રાજ્ય, 6ઠ્ઠો માળ, પોલીસ ભવન, સેક્ટર-18, ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે. આ ઉપરાંત નિયત ઈ-મેઈલ દ્વારા પણ અરજી મોકલી શકાશે.

## 'ઓપરેશન ગંગાજળ'માં યોગેશ ગણાત્રાને સરકારી સેવામાંથી મુક્તિ

જાહેરહિતમાં ચીફ ઓફિસરનું પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ, ત્રણ મહિનાની રકમ ચૂકવાશે

ગાંધીનગર

રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે મ્યુનિસિપલ ચીફ ઓફિસર યોગેશ જે. ગણાત્રા, ક્લાસ-2 સામે મોટી કાર્યવાહી કરી છે. સરકારના 23 સપ્ટેમ્બર, 2026ના નોટિફિકેશન મુજબ તેમને જાહેર હિતમાં સમય પહેલાં સરકારી સેવામાંથી નિવૃત્ત કરવાનો નિર્ણય લેવાયો છે.

ગુજરાત સિવિલ સર્વિસિસ (પેન્શન) રૂલ્સ, 2002ના નિયમ 10(4) હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

નોટિફિકેશન મુજબ ગણાત્રાને 3 મહિનાની નોટિસના બદલે ત્રણ મહિનાના પગાર અને ભથ્થાં જેટલી રકમ ચૂકવવામાં આવશે અને નોટિફિકેશન જારી થયાના દિવસે ઓફિસ સમય પૂરો થયા બાદ તેમની સેવા સમાપ્ત




ગણાશે.

ખાસ મહત્વની બાબત એ છે કે યોગેશ ગણાત્રા સામે અગાઉથી શરૂ કરવામાં આવેલી વિભાગીય તપાસ તેમની સમય પહેલાં નિવૃત્તિ બાદ પણ ચાલુ રહેશે. વિભાગના 4 એપ્રિલ, 2025ના મેમોરેન્ડમનો ઉલ્લેખ કરીને સરકારે સ્પષ્ટ કર્યું છે કે ગુજરાત સિવિલ સર્વિસિસ (પેન્શન) રૂલ્સ, 2002ના નિયમ 23 અને 24 મુજબ તપાસની કાર્યવાહી યથાવત રહેશે.

સરકારે આ નિર્ણયને 'જાહેર હિત'માં લેવાયેલો ગણાવ્યો છે. નોટિફિકેશન અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી નિલેશ મોદીના ઈ-સિગ્નેચરથી બહાર પાડવામાં આવ્યું છે.

પાક્કો ગુજરાત
શનિવાર | 26 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### હજીરામાં 15થી 25 ફૂટ ઊંચી 500 પ્રતિમાઓની 5 કિલોમીટર લાંબી કતાર

# હજીરા, ડુમસ અને મગદલ્લા દરિયા કિનારે ભક્તોનું મહેરામણ : વિસર્જનમાં 2 દિવસ લાગવાની શક્યતા

સુરત

સુરતમાં આ વર્ષે ગણેશ વિસર્જનમાં મુંબઈના લાલબાગ જેવાં અદભુત દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હજીરા, ડુમસ અને મગદલ્લા દરિયાકિનારે બાપ્પાને વિદાય આપવા ભક્તોનું મહેરામણ ઉમટી પડ્યું છે. સૌથી વધુ ચર્ચા હજીરાની થઈ રહી છે, જ્યાં 15 થી 25 ફૂટ ઊંચી વિશાળકાય 500 જેટલી ગણેશ પ્રતિમાઓની 5 કિલોમીટર લાંબી લાઈન લાગી ગઈ છે. મૂર્તિઓની વિશાળતા અને ભક્તોની ભારે ભીડને જોતા આ વિસર્જન પ્રક્રિયા પૂર્ણ થવામાં 2 દિવસ જેટલો સમય લાગી શકે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

સુરત શહેરમાં નાની-મોટી મળીને કુલ 90,000 જેટલી ગણેશજીની પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું હતું. વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા વિસર્જન માટે અગાઉથી જ ચુસ્ત બંદોબસ્ત અને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. પરંતુ, અનંત ચતુર્દશીના



બપોર પછી શહેરના મોટા ગણેશ મંડળો પોતાની વિશાળકાય પ્રતિમાઓ લઈને વિસર્જન માટે માર્ગો પર ઉતરી પડ્યા હતા. એકસાથે મોટી સંખ્યામાં વિશાળ પ્રતિમાઓ માર્ગો પર આવતા ટ્રાફિક અને વિસર્જન વ્યવસ્થાપનને લઈને તંત્રની ચિંતામાં અચાનક મોટો વધારો થઈ ગયો હતો.

હાલમાં સુરતની મોટાભાગની વિશાળ પ્રતિમાઓનું વિસર્જન ડુમ્મસ, હજીરા અને મગદલ્લા ખાતે કરવામાં આવી રહ્યું છે. હજીરા વિસર્જન કુંડ અને દરિયાકિનારાની વાત કરીએ તો, તંત્ર દ્વારા મોટી પ્રતિમાઓને ક્રેન મારફતે વિસર્જિત કરવા માટે 15 જેટલી ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, આ 15 ક્રેનની સામે મૂર્તિઓનો ધસારો એટલો બધો છે કે, હજીરા તરફ જતા માર્ગ પર લગભગ 500 જેટલી મોટી પ્રતિમાઓની 5 કિલોમીટર લાંબી ટ્રાફિક જામ જેવી લાઈન લાગી ગઈ છે, જેનાથી વિસર્જનની ગતિ અત્યંત ધીમી પડી છે. એક તરફ દરિયાકિનારે વિસર્જન માટે વાહનોની અને મંડળોની લાંબી કતારો જોવા મળી રહી છે, તો બીજી તરફ શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી હજુ પણ નવી વિશાળકાય પ્રતિમાઓ હજીરા અને ડુમ્મસ તરફ વળી રહી છે. ડીજેના તાલે ગુલાલની છોળો વચ્ચે ગણેશ મંડળો આગળ વધી રહ્યા છે, પરંતુ સતત આવતી આ નવી મૂર્તિઓના કાફલાએ પોલીસ અને વહીવટી તંત્રના શ્વાસ અદ્ધર કરી દીધા છે. ભીડને નિયંત્રિત કરવી અને શાંતિપૂર્ણ વિસર્જન કરાવવું તે પોલીસ માટે એક મોટો પડકાર બની ગયો છે. વિસર્જન સ્થળ પરની પરિસ્થિતિનો તાગ મેળવતા સ્પષ્ટ થાય છે કે, ક્રેનની મર્યાદિત સંખ્યા અને તેની સામે 500થી વધુ વિશાળકાય પ્રતિમાઓ હોવાથી કામગીરીમાં ભારે વિલંબ થઈ રહ્યો છે.

# મચ્છુ નદીમાં સાદુળકા ગામ પાસે ગણેશ વિસર્જનમાં દુર્ઘટના

### વિસર્જન દરમિયાન ચાર યુવકો ડૂબ્યા; ફાયર બ્રિગેડે બેનું રેસ્ક્યૂ કર્યું

મોરબી

મોરબી નજીક સાદુળકા ગામ પાસેથી પસાર થતી મચ્છુ નદીમાં ગઈકાલે રાત્રે ગણેશ વિસર્જન કરવા ગયેલા ચાર યુવકો ડૂબવાની ગંભીર ઘટના સામે આવી છે. નદીના ઊંડા પાણીમાં ફસાયેલા બે યુવકોને ફાયર વિભાગની ટીમે તાત્કાલિક સફળ રેસ્ક્યુ કરીને સહીસલામત બહાર કાઢી લીધા છે અને મોડી રાત્રે એક વ્યક્તિનો મૃતદેહ મળ્યો છે. ત્યાર બાદ આજે બપોરે બીજા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.તંત્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં ગણેશ વિસર્જન માટે નદી પર પહોંચેલા 4 યુવકો પૈકી 2 યુવકો પાણીમાં ગરકાવ થતાં આનંદનો પ્રસંગ માતમમાં ફેરવાયો હતો



મોરબી નજીકના પીપળી ગામથી સાદુળકા ગામ પાસે આવેલી મચ્છુ નદીમાં ગણેશ વિસર્જન કરવા માટે યુવકોનું ગ્રુપ પહોંચ્યું હતું. વિસર્જનની પ્રક્રિયા દરમિયાન અચાનક ચાર યુવાનો નદીના ઊંડા પાણીના પ્રવાહમાં ડૂબવા લાગ્યા હતા. ઘટનાને પગલે સ્થળ પર હાજર લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. સાદુળકા ગામ પાસેથી પસાર થતી મચ્છુ નદીમાં પીપળી ગામથી ગણેશ વિસર્જન કરવા આવેલા લોકો પૈકી ચાર યુવાનો પાણીમાં ડૂબ્યા હતા. આ ઘટનામાં પાણી વચ્ચે ફસાયેલા આકાશ માલિયા અને આકાશ ગજાનંદભાઈ નામના બે યુવાનોને ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક હેમખેમ બહાર કાઢી લીધા હતા. જોકે, પાણીના ઊંડા વહેણમાં ગરકાવ થઈ ગયેલા સોહન રામ અને વિલાસ નામના બે યુવાનોને ભારે જહેમત બાદ મૃત મળી આવ્યા હતા.પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી છે મોરબી ફાયર ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ગઈકાલે સાંજે 7:30 વાગ્યાની આસપાસ મોરબી ફાયર કંટ્રોલ રૂમને કોલ મળ્યો હતો કે જુના સાદુળકા પાસે આવેલી મચ્છુ નદીમાં ગણપતિ વિસર્જન દરમિયાન 4 લોકો ફસાયા છે.

### હીરા ઉદ્યોગમાં સુધારો છતાં કારીગરો પિસાયા

# નેચરલ અને લેબગ્રોન ડાયમંડની ડિમાન્ડ વધતાં મજૂરી વધારવા રત્નકલાકારોની માગ

સુરત

લાંબા સમયથી મંદીની માર સહન કરી રહેલા હીરા ઉદ્યોગમાં હવે ધીમે-ધીમે સુધારો જોવા મળી રહ્યો છે.

નેચરલ (રીયલ) અને લેબગ્રોન બંને પ્રકારના ડાયમંડની માગ બજારમાં વધવા પામી છે. આ સંજોગોને ધ્યાને રાખીને ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત દ્વારા જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (GJEPC)ને



સત્તાવાર પત્ર લખીને રત્નકલાકારોના મજૂરી દરમાં તાત્કાલિક વધારો કરવાની માગણી કરવામાં આવી છે. યુનિયને પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ રળી આપતો ડાયમંડ ઉદ્યોગ છેલ્લા કેટલાક સમયથી ભારે મંદીમાં સપડાયેલો હતો. મંદી દરમિયાન રત્નકલાકારોના મજૂરી દરમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. પરંતુ હાલમાં ઉદ્યોગનું વાતાવરણ સુધરી રહ્યું છે અને હીરાની સારી એવી માગ નીકળી છે, ત્યારે જે રીતે અગાઉ મજૂરી ઘટાડાઈ હતી તે જ રીતે હવે કારીગરોનો દર વધારવો વ્યાજબી છે. ડાયમંડ વર્કર યુનિયને ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ચાલતા હીરાના કારખાનાઓમાં સ્થિતિ અત્યંત દયનીય છે. ત્યાં કામ કરતા શ્રમિકોને સરકાર દ્વારા નક્કી કરાયેલા લઘુતમ વેતન કરતાં પણ ઓછો પગાર ચૂકવવામાં આવી રહ્યો છે. મોંઘવારીના આ યુગમાં કારીગરો માટે ઘર ચલાવવું પણ મુશ્કેલ બની ગયું હોવાથી કામદારોમાં અસંતોષ ફેલાયો છે.

### બે વખત મિંટિગ થયા બાદ ભાજપ નેતાઓમાં હતી ખેંચતાણ

# સુમુલ ડેરીના પ્રમુખ બન્યા પૂર્વ મંત્રી કાંતિ ગામિત: ઉપપ્રમુખ તરીકે ભરત સોલંકી (ડાભા)ની વરણી!!



સુરત

સુરત સુમુલ ડેરીના પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવી છે. ડેરીના પ્રમુખ તરીકે અગાઉ ભાજપ સરકારમાં મંત્રી રહી ચૂકેલા કાંતિભાઈ ગામિતની વરણી કરી દેવામાં આવી. જ્યારે ઉપપ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવી છે. સુમુલના પદાધિકારીઓની વરણી લાંબા સમયથી ઘોંચમાં પડી હતી. એટલે કે બે-બે વખત મીટીંગ થયા બાદ પણ ભાજપના નેતાઓમાં ખેંચતાણ હતી. આખરે ગણેશ વિસર્જનના દિવસે જ ભાજપના નેતાઓના અહમનું વિસર્જન થયું છે. સુમુલ ડેરીની ચૂંટણીના લાંબા સમય બાદ પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવી.

વિધાનસભા ચૂંટણીને હવે માત્ર એક વર્ષ જેટલો સમય બાકી છે, ત્યારે દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટામાં પોતાના ઘટતા પ્રભુત્વને ફરી મજબૂત કરવા ભાજપે મોટો રાજકીય દાવ ખેલ્યો છે.

સુમુલ ડેરી સાથે જોડાયેલા 78% જેટલા પશુપાલકો આદિવાસી સમાજના છે. આ વિશાળ વોટબેંક અને તેમના હિતોને ધ્યાનમાં રાખીને, દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સહકારી સંસ્થા સુમુલ ડેરીની કમાન એક આદિવાસી નેતાને સોંપવામાં આવી છે. આ રણનીતિ થકી ભારતીય જનતા પાર્ટી આગામી વિધાનસભા ચૂંટણીમાં આદિવાસી વિસ્તારોમાં ફરીથી પોતાનો દબદબો અને વિશ્વાસ કાયમ કરવા માંગે છે.

# સુરતમાં વ્યાજખોરે એક બાદ એક પાંચ લાફા માર્યા : પોલીસ દોડતી થઈ

### મોટા વરાછામાં ઉઘરાણીના નામે ઓફિસે બોલાવી અત્યાચાર કર્યો





સુરત

સુરત શહેરમાં વ્યાજખોરો સામે પોલીસ કમિશનરની કડક કાર્યવાહીના દાવા વચ્ચે ફરી એકવાર મોટા વરાછા વિસ્તારમાં વ્યાજખોરીનું વરવું રૂપ સામે આવ્યું છે. મોટા વરાછામાં વ્યાજે આપેલા નાણાંની પઠાણી ઉઘરાણી કરવા માટે એક યુવકને ઓફિસમાં બોલાવી નિર્દયતાપૂર્વક ઢોર માર મારવામાં આવ્યો હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે. આ સમગ્ર અત્યાચારનો વીડિયો વાઈરલ થતાં ઉત્રાણ પોલીસ પણ દોડતી થઈ છે. એક વ્યક્તિએ વ્યાજે રૂપિયા લીધા બાદ સમયસર રકમ ન ચૂકવાતા વ્યાજખોર યુવકે તેને હિસાબ કરવાના બહાને પોતાની ઓફિસમાં બોલાવ્યો હતો. વ્યાજે પૈસા લેનાર ઓફિસ પહોંચતા જ વ્યાજખોર અને તેના મળતિયાઓએ દરવાજો બંધ કરી તેને ઘેરી લીધો હતો. ત્યારબાદ ઉઘરાણીના નામે તેને એક બાદ એક પાંચ તમાચા મારી દીધા હતા. વીડિયો સામે આવતા જ સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. લોકોમાં ચર્ચા છે કે જો વ્યાજખોરો આ રીતે જાહેરમાં કાયદો હાથમાં લેતા હોય તો સામાન્ય જનતા ક્યાં જાય? વીડિયો વાયરલ થતાં જ હરકતમાં આવેલી ઉત્રાણ પોલીસે તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરી છે. પોલીસે વીડિયો ફૂટેજના આધારે માર મારનાર શખ્સો અને ભોગ બનનાર યુવકની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યાજખોર કે અસામાજિક તત્વને બક્ષવામાં નહીં આવે. હાલ પોલીસ ટીમ દ્વારા સ્થળ તપાસ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# એકાદ-બે દિવસમાં નર્મદા ડેમ ઓવરફ્લો થશે: પીવા માટે ઉત્તર-મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં પાણી પહોંચાડશે

નર્મદા

રાજ્યના પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના પ્રભારી મંત્રીએ નર્મદા જિલ્લાના પ્રવાસે હતા.તેમણે બે દિવસમાં ડેમ ઓવરફ્લો થવાની સંભાવના વ્યક્ત કરી છે. ઉપરવાસમાંથી નર્મદા ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. જો આ જ પ્રકારે પાણીની આવક ચાલુ રહેશે, તો આગામી સમયમાં નર્મદા ડેમ ઓવરફ્લો થવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. ત્યારે રાજ્યમાં ઓછો વરસાદ છે તેવા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં પીવા માટે નર્મદાનું પાણી પહોંચાડશે.

દરમિયાન જણાવ્યું છે કે, ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે સર્જાયેલી સમસ્યા સામે સરકારે સમયસર આયોજન કરીને ખેડૂતોના પાકને બચાવી લીધો છે. હાલ નર્મદા, ઉકાઈ અને કરજણ ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ છે.

25 સપ્ટેમ્બર સાંજે 6 કલાકે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી 138.44 મીટર નોંધાઈ છે, જેમાં 5682.71 મિલિયન ક્યુબિક મીટર (MCM) સજીવ જળસંગ્રહ (લાઈવ સ્ટોરેજ) ઉપલબ્ધ છે. ડેમમાં હાલમાં 7308 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે છેલ્લા 3 કલાકનો સરેરાશ પ્રવાહ 2786 ક્યુસેક છે. ડેમમાંથી કુલ પાણીની જાવક 38350 ક્યુસેક છે, જેમાં રિવર બેડ પાવર હાઉસ (RBPH) માંથી 21082 ક્યુસેક અને કેનાલ હેડ પાવર હાઉસ (CHPH)માંથી 17268 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ ડેમના તમામ દરવાજા બંધ હોવાથી ગેટ દ્વારા કોઈ પાણી છોડવામાં આવી રહ્યું નથી.

### ભાવનગરમાં હળવી ટકોરથી ભૂપેન્દ્ર પટેલે લોકોના દિલ જીત્યા

# 'બાળક છે રડવાનું જ, બેનને બેસવા દો' : પોલીસ માતાને બહાર કાઢતી હતી ને CMએ ભાષણ અટકાવ્યું

ભાવનગર

ભાવનગર શહેરના ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ કાર્યોના લોકાર્પણ કર્યા હતા. આ દરમિયાન CMની નાનકડી એવી વાતે લોકોના દિલ જીતી લીધા હતા. મુખ્યમંત્રી મંચ પરથી ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે ઓડિટોરિયમમાં એક બાળક જોરજોરથી રડવા લાગ્યું હતું. કાર્યક્રમમાં ખલેલ ન પડે તે હેતુથી પોલીસ કર્મીઓએ બાળકની માતાને ઊભા કરી હોલની બહાર લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ બાબત મુખ્યમંત્રીના ધ્યાને આવતાં જ તેમણે સંબોધન અટકાવીને પોલીસને તાત્કાલિક રોકી દીધી હતી. મુખ્યમંત્રીએ પોલીસકર્મીઓને અટકાવતાં માતૃત્વનું સન્માન કરી સહજ અંદાજમાં કહ્યું હતું કે, બાળક છે, રડવાનું જ છે... બેનને બેસવા




દો. રડશે તો ભલે બધા સાંભળે, એમાં શું થયું? આટલું કહ્યા બાદ તેમણે બાળકની માતાને ઉદ્દેશીને હળવાશભરી શૈલીમાં ઉમેર્યું કે, તમ તમારે બેસવું હોય તો શાંતિથી બેસો, ભલે રડતા હોએ તો બધાને સંભળાશે! મુખ્યમંત્રીની આ સહજ અને લાગણીસભર ટકોર સાંભળતાં જ સમગ્ર હોલમાં ઉપસ્થિત સૌ કોઈ ખડખડાટ હસી પડ્યા હતા અને આખા ઓડિટોરિયમમાં તાળીઓનો ગડગડાટ ગૂંજી ઉઠ્યો હતો. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ભાવનગરની સ્વચ્છતાની પ્રશંસા કરતાં કરતાં એક રમૂજી ટકોર પણ કરી હતી. તેમણે જણાવ્યું કે, ભાવનગરમાં આજે હું ફર્યો ત્યારે જોયું કે ખૂબ સારી સ્વચ્છતા જોવા મળીપણ સફાઈ કર્મચારીઓ અહીં બેઠા છે એટલે પૂછું છું કે રોજ આવી જ સ્વચ્છતા હોય છે કે આજે હું આવવાનો હતો એટલે થઈ છે?

આ સાંભળીને પણ હોલમાં ઉપસ્થિત અધિકારીઓ, પદાધિકારીઓ અને નાગરિકો ફરી હસી પડ્યા હતા. તેમણે ઉમેર્યું કે સ્વચ્છતા એ માત્ર પાલિકા કે સફાઈકર્મીઓની જવાબદારી નથી પરંતુ નાગરિકોનો સંસ્કાર હોવો જોઈએ.

### 2,532 કિમીનું અંતર કાપતી ટ્રેન ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારને જોડશે

# ભુજથી બરૌની વચ્ચે અઠવાડિયામાં 3 દિવસ દોડશે અમૃત ભારત એક્સપ્રેસ: ભુજથી સાંજે 5.30 કલાકે ઉપડશે

અમદાવાદ

ભારતીય રેલવે દ્વારા ગુજરાતના ભુજથી બિહારના બરૌની વચ્ચે નવી ત્રિ-સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં 2,532 કિમીનું અંતર કાપનારી આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારના મહત્વના શહેરોને જોડશે. નવી ટ્રેનના કારણે પશ્ચિમ અને પૂર્વ ભારત વચ્ચે મુસાફરોને વધુ એક રેલવે વિકલ્પ મળશે. આ ટ્રેન ભુજથી સોમવાર, બુધવાર અને શનિવારે દોડશે.




ભુજ-બરૌની અમૃત ભારત એક્સપ્રેસ ભુજથી સાંજે 5.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે રાત્રે 4.05 કલાકે બરૌની પહોંચશે. આ ટ્રેન ભુજથી સોમવાર, બુધવાર અને શનિવારે દોડશે. પરત ફરતી ટ્રેન બરૌની-ભુજ અમૃત ભારત એક્સપ્રેસ બરૌનીથી રાત્રે 11. 55 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 1.15 કલાકે ભુજ પહોંચશે. બરૌનીથી આ ટ્રેન મંગળવાર, ગુરુવાર અને શનિવારે દોડશે.

નવી અમૃત ભારત એક્સપ્રેસને સામખિયાળી, અમદાવાદ, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, મથુરા, હાથરસ, બરેલી, ઈઝ્ઝતનગર, પીલીભીત, લખીમપુર, ગોંડા, ગોરખપુર, સિવાન, છપરા, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સહિતના મહત્વના સ્ટેશનો પર કોમર્શિયલ સ્ટોપેજ આપવામાં આવશે.

નવી ટ્રેનથી ગુજરાત સહિત અન્ય રાજ્યોના મુસાફરોને બિહાર તરફની મુસાફરી માટે વધુ એક વિકલ્પ ઉપલબ્ધ થશે. ખાસ કરીને અમદાવાદને આ સેવા સાથે જોડવામાં આવતા ગુજરાતમાંથી ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતા મુસાફરોને પણ સુવિધા મળશે.

**આ પ્રયત્નો ભારત સરકારના માર્ગ અકસ્માતોમાં 50% સુધીનો ઘટાડો કરવાના લક્ષ્યને હાંસલ કરવા માટે કરવામાં આવી રહ્યા છે**

# અમરેલી RTOએ રોડ સેફ્ટી જનજાગૃતિ માટે બાઇક રેલી યોજી : કલેક્ટરે રેલીને ફ્લેગ ઓફ કર્યું, અકસ્માતો ઘટાડવાનો લક્ષ્ય

અમરેલી

અમરેલી RTO દ્વારા શહેરમાં માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવા માટે એક બાઈક રેલીનું આયોજન કરાયું હતું. આ રેલી 'સેવા સંકલ્પ અભિયાન-2026' અંતર્ગત યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ પણ જોડાયા હતા. RTO અધિકારીએ હાજર રહેલા સૌને 'રોડ સેફ્ટી'ના સંકલ્પ લેવડાવ્યા હતા. ત્યારબાદ કલેક્ટરે બાઈક રેલીને ફ્લેગ ઓફ કરીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ જનજાગૃતિ રેલીમાં GSRTC સ્ટાફ, ટ્રાફિક પોલીસ, હોમગાર્ડ, TRB જવાનો અને ડીલર્સ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ બાઈક રેલી ફોરવર્ડ સર્કલથી શરૂ થઈને રાજકમલ ચોક, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, કોલેજ સર્કલ, લાઠી બાયપાસ સર્કલ અને ત્યાંથી ફરી કોલેજ સર્કલ થઈને ફોરવર્ડ સર્કલ સુધીના નિર્ધારિત રૂટ પર ફરી હતી. આ ઉપરાંત, માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા માટે 24 સપ્ટેમ્બરે એક વિશેષ ડિજિટલ સત્ર પણ યોજાયું હતું. આ સત્ર સવારે 11:30થી બપોરે 12:45 વાગ્યા સુધી ચાલ્યું હતું. તેમાં અમરેલી જિલ્લાની તમામ ITI કોલેજ, ડિપ્લોમા કોલેજ, ધોરણ 11 અને 12ની શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાસભા અને શાંતાબા મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીની યુ-ટ્યુબ ચેનલ અને બાયસેગ (BISAG) દ્વારા લાઈવ વીડિયો પ્રસારિત કરીને રોડ સેફ્ટી કમિશનરે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.



## તંત્રી લેખ...

# જ્ઞાનેશ કુમારની નોકરી ખતરામાં: મળેલું 'અભયવચન' પણ સલામત નથી, અસલી માસ્ટરમાઈન્ડ તો ક્યાંક ઉપર બેઠા છે !

**જ્ઞાનેશ કુમારનું ભવિષ્ય અદ્ધરતાલ: 2023ના વિવાદાસ્પદ કાયદાનો મામલો સર્વોચ્ચ અદાલતની બેન્ચ સમક્ષ પહોંચતા ખળભળાટ.**

**અસલી માસ્ટરમાઈન્ડ કોણ?: જેને ચૂંટણી નથી લડવી તેવા જ્ઞાનેશ કુમાર મોદી-શાહની ઈચ્છા વગર આવું કેમ કરી શકે? પ્રશ્નોની ઝડી.**

**ભક્તો અને તટસ્થો માટે કપરા ચઢાણ: સરકારની ટીકાના નામે અંદરથી મોદી-શાહની આરતી ઉતારનારાઓની મુશ્કેલીઓ વધી.**

**કર્મનો સિદ્ધાંત કે રાજકીય હસાહસ?: રાહુલ ગાંધીની પાવર પોઈન્ટ રજૂઆતો વચ્ચે 'Karma is a bit' ની ઉક્તિ સચોટ સાબિત થઈ રહી છે.**

રાજકીય ગલિયારામાં અત્યારે જે ચર્ચાઓએ જોર પકડ્યું છે, તેમાં સૌથી મોટું નામ જ્ઞાનેશ કુમારનું છે. હા, જ્ઞાનેશ કુમારની નોકરી હવે ખતરામાં છે અને તેમને મળેલું કહેવાતું 'અભયવચન'



પણ હવે જરાય સલામત નથી રહી ગયું. આખો મામલો ૨૦૨૩ના વિવાદાસ્પદ કાયદા સાથે જોડાયેલો છે, જે હવે સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) ની બેન્ચ પાસે પહોંચી ગયો છે. એટલું જ નહીં, ચારેય બાજુથી આવતા દબાણોને કારણે સરકાર સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓના મોટા સાહેબોના મનમાં પણ હવે ફેરવિચારણા શરૂ થઈ ગઈ હશે કે શું આ રીતે છડેચોક, બેશરમ બનીને જ્ઞાનેશ કુમારની જેમ વર્તવું કે પછી થોડીઘણી આબરૂ બચાવી લેવી?

## અસલી કઠપૂતળી ક્યાં છે અને દોરી કોના હાથમાં છે?

ખરો સવાલ એ છે કે જ્ઞાનેશ કુમારના બે સૌથી મોટા સાહેબો કોણ છે? કારણ કે, જ્ઞાનેશ કુમારને ચાવી આપીને ચલાવનાર અસલી ગુનેગારો કે માસ્ટરમાઈન્ડ્સ તો સૌથી ઉપર બેઠા છે. ભલે રીતિકા ચોપડાની સ્ટોરીમાં તેમના સીધા નામ ન આવ્યા હોય, પણ જેને જિંદગીમાં ક્યારેય એકેય ચૂંટણી લડવાની નથી તેવા જ્ઞાનેશ કુમાર, નરેન્દ્ર મોદી અને અમિત શાહની સ્પષ્ટ સૂચના, ઈચ્છા કે દોરવણી વિના આ બધું શા માટે કરી શકે? આટલી સામાન્ય સમજ મેળવવા માટે કોઈ મોટો રાજકીય વિશ્લેષક હોવાની જરૂર નથી, સામાન્ય પ્રજા પણ આ બધું સારી રીતે સમજે છે.

## 'તટસ્થ' બનવા મથતા ભક્તો અને બદલાતી હવા

સરકારની મામૂલી ટીકા કરીને અંદરખાતે મોદી-શાહની આરતી ઉતારનારા અને એ માધ્યમથી પોતાને ખૂબ 'શાણા' કે 'તટસ્થ' તરીકે ખપાવવા મથતા ગુજરાતી તથા બિનગુજરાતી ભક્તો માટે હવે સમય વધુ અઘરો બનવાનો છે. વાયુવેગે બદલાતી આ રાજકીય પરિસ્થિતિમાં તેમની દોઢ ડાહ્યાપણું હવે ખુલ્લું પડી જવાનું છે. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લીધા પછી પણ વડાપ્રધાન દ્વારા ઊભી કરાયેલી આખી 'ઈકો સિસ્ટમ' માટે તેમને જે શાબ્દિક ડફણાં પડ્યાં હતાં, તે બિલકુલ વાજબી હતાં. પરંતુ 'જ્ઞાનેશ-કાંડ' તો સીધી જ તેમની જવાબદારી હેઠળ આવે છે, એટલે આ મામલો સસ્તામાં પતવાનો નથી.

## રાહુલ ગાંધીના પ્રહાર અને 'કર્મ' નો સિદ્ધાંત

વિપક્ષી નેતા રાહુલ ગાંધી જે આક્રમક અંદાજમાં એક પછી એક નેતાઓના નામ અને ફોટા સાથે મુદ્દાસર પાવર પોઈન્ટ રજૂઆતો કરી રહ્યા છે, તે જોઈને ભલભલાના હોશ ઉડી જાય છે. આ બધું જોયા પછી કોઈ વ્યક્તિ ભલે કર્મના સિદ્ધાંતમાં ન માનતી હોય, છતાં મોંમાંથી એવું નીકળી જ જાય કે– Karma is a bit*!* આજે કાગળ પર જે સ્થિતિ છે તે જોતા સ્પષ્ટ થાય છે કે જ્ઞાનેશ કુમારનું રાજીનામું એ આ સમગ્ર સિરિયલનું છેલ્લું પગથિયું ન હોઈ શકે, પરંતુ ન્યાયપ્રિય જનતા માટે એ પહેલું પગથિયું તો ચોક્કસપણે હોવું જ જોઈએ!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ટોળું ભેગું થાય, તો સમજી લેવું કે સામે સિંહ છે!

## બીજાની સીડીઓ તોડનારા ક્યારેય શિખરે પહોંચતા નથી

જે વ્યક્તિ બીજાનો દીવો ઓલવવાની કોશિશ કરે છે, એના પોતાના હાથમાં સૌથી પહેલાં અંધકાર અને રાખ જ આવે છે.

જ્યારે તમારી બરોબરી કરવાની કોઈનામાં ક્ષમતા નથી હોતી, ત્યારે લોકો તમારો પગ ખેંચવા માટે સંગઠન બનાવી લે છે. જ્યાં સુધી તમે સામાન્ય રહો છો ત્યાં સુધી બધા તમારા ખભા પર હાથ મૂકશે, પણ જેવી તમારી પ્રતિભા, પરિણામો અને સચ્ચાઈ અન્યો કરતાં ચાર વેંત ઊંચી દેખાવા લાગે, કે તરત જ અંદરોઅંદર બળતી ઈર્ષ્યાનો ધુમાડો આગ પકડી લે છે.

નબળા મનના લોકો તમારી સફળતાને પ્રેરણા તરીકે સ્વીકારવાને બદલે પોતાના અસ્તિત્વ માટે ખતરો માનવા લાગે છે.

ચૂલામાં લાકડાં ભલે અલગ-અલગ હોય, પણ જ્યારે સળગવાની વાત આવે ત્યારે બળતરા બધાને સરખી જ થાય છે.

જ્યારે જૂથમાં કોઈ બે વ્યક્તિ વચ્ચે નાનો-મોટો અણબનાવ થાય, ત્યારે અસલી કાવતરાખોરો એ તકની જ રાહ જોતા બેઠા હોય છે. એમને પેલા સામાન્ય વિવાદ સાથે કોઈ લેવાદેવા નથી હોતી; એમને તો માત્ર એક મોહરું જોઈતું હોય છે જેના ખભે બંદૂક મૂકીને એ સફળ વ્યક્તિનો શિકાર કરી શકાય. પછી શરૂ થાય છે ટોળાંશાહી, બંધ બારણે થતી ખાનગી મિટિંગો, પીઠ પાછળ ઝેર ઓકતા ટોણા અને ચારેય બાજુથી ઘેરીને એ વ્યક્તિના મનોબળને તોડી પાડવાના ગંદા ષડયંત્રો.

બીજાની સીડી તોડવામાં પોતાની પ્રગતિનો અંત

પ્રકૃતિએ દરેક માણસને ચોક્કસ સમય અને મર્યાદિત ઊર્જા આપી છે. સફળતાનું સીધું ગણિત એ છે કે આ ઊર્જા પોતાના કૌશલ્ય અને આત્મવિકાસ પાછળ ખર્ચવી.

ધારો કે બે વ્યક્તિઓ એક જ ક્ષેત્રમાં કામ કરે છે

પહેલી વ્યક્તિ પોતાનું જ્ઞાન વધારે છે, ભૂલો સુધારે છે અને નવી જવાબદારીઓ ઉપાડે છે. તે પોતાની મહેનતથી સીડીનાં પગથિયાં ચણી રહી છે.

બીજી વ્યક્તિ સતત વિચારતી રહે છે કે 'આને કેવી રીતે અટકાવવો?' તે પહેલી વ્યક્તિની સીડી તોડવા માટે હાથમાં હથોડી લઈને ફરે છે.

સમય બંને માટે સરખો વહે છે. થોડા સમય પછી પરિણામ શું આવશે? પહેલી વ્યક્તિ સંઘર્ષ કરીને પણ ઊંચાઈ પર પહોંચી જશે, જ્યારે બીજી વ્યક્તિ હાથમાં માત્ર કાટ લાગેલી હથોડી લઈને એ જ ખાડામાં ઊભી હશે!

બીજાને પાછળ પાડવામાં જે શક્તિ વેડફાય છે, જો એ જ શક્તિ પોતાના ઘડતરમાં વપરાઈ હોત તો માણસ ક્યાંનો ક્યાં પહોંચી ગયો હોત.

જ્યારે ખગોળશાસ્ત્રી ગેલેલિયોએ સાબિત કર્યું કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, ત્યારે વ્યવસ્થાતંત્રની જૂની માન્યતાઓ ડગી ગઈ. તેમની પાસે વિજ્ઞાન અને સત્યનો જવાબ નહોતો, એટલે આખા તંત્રે ભેગા થઈને ગેલેલિયો પર આરોપો મઢી તેને કેદ કર્યો. પરિણામ શું આવ્યું?



ગેલેલિયોનું સત્ય આજે સદીઓ પછી પણ આખું વિશ્વ નમે છે, જ્યારે તેને દબાવવા નીકળેલું ટોળું ઈતિહાસના કચરાપેટીમાં ફેંકાઈ ગયું.

બગીચામાં એક નાનું વૃક્ષ સતત મોટા, ઘટાટોપ વૃક્ષની ઈર્ષ્યા કરતું રહ્યું કે લોકો માત્ર મોટા વૃક્ષના છાંયડા અને ફૂલોની જ પ્રશંસા કરે છે. જો તે પોતાની ડાળીઓ ફેલાવવા અને મૂળ ઊંડા ઉતારવા મહેનત કરે તો પોતે વટવૃક્ષ બને; પણ જો તે મોટા વૃક્ષનાં પાંદડાં કાપવામાં જ મથતું રહે, તો ક્યારેય પોતાની વસંત જોઈ શકતું નથી.

બીજાના બગીચામાંથી ફૂલો તોડી લેવાથી તમારા આંગણામાં ક્યારેય વસંત ખીલતી નથી.

આવા લોકોની એક સ્પષ્ટ ઓળખ હોય છે તેમની પાસે તમારી સામે આંખ મિલાવીને ઊભા રહેવાની છાતી નથી હોતી. એટલે તેઓ કાયરતાના રસ્તા શોધે છે

ચોપાટી જેવા ટોળાં બે-ચાર નકામા લોકો ખૂણામાં ભેગા થઈને વાતોનાં વડાં કરે અને પોતાની નિષ્ફળતા છુપાવવા સફળ વ્યક્તિના કામમાં કાંકરીચાળો કરે.

પ્રત્યક્ષ રીતે કોઈ નુકસાન ન કરી શકે એટલે ઉપરી અધિકારીઓ કે સાથીદારોના કાન ભંભેરવા, અફવાઓ ફેલાવવી અને માનસિક રીતે તોડી પાડવા વાંકાચૂંકા ટોણા મારવા.

આગ પોતે લગાવે, કાવતરું પોતે રચે અને જ્યારે ભાંડો ફૂટે ત્યારે પોતે જ લાચાર હોવાનો ઢોંગ કરે.

પરંતુ યાદ રાખો, જૂથબંધી અને કાનભંભેરણી પર ઊભા થયેલા સંબંધો લાંબો સમય ટકતા નથી. જે આજે તમારી સામે કોઈ ત્રીજા સાથે મળીને કાવતરું કરે છે, એ કાલે ચોથા સાથે મળીને એ જ સાથીનો પગ ખેંચશે. કર્મનો સિદ્ધાંત બૂમરેંગ જેવો છે જે વેગથી તમે પથ્થર ફેંકો છો, એ જ વેગથી પાછો ફરીને તમારા જ કપાળ પર વાગે છે.

આ ચક્રવ્યૂહ સામે અડીખમ રહેવાનો અચૂક માર્ગ

જ્યારે આખું ઝુંડ તમને પાડવા માટે મેદાનમાં ઊતર્યું હોય, ત્યારે ગર્વ અનુભવવો કે તમારો પ્રભાવ કેટલો પ્રચંડ હશે! એક સામાન્ય માણસને રોકવા આટલા બધા કાયરોને ભેગા થવાની ક્યારેય જરૂર પડતી નથી.

ઊર્જા બચાવો, ખુલાસા ન કરો દરેક નકામી વાત પર પ્રતિક્રિયા આપશો તો કાદવ તમારા પર ઊડશે. મૌન એ તમારી સૌથી મજબૂત ઢાલ છે અને તમારું પરિણામ એ તમારી સૌથી તીક્ષ્ણ તલવાર છે.

જે વ્યક્તિ તમારી રેખા ભૂંસવા માંગે છે, તેની સામે લડવામાં સમય બગાડવાને બદલે તમારી મહેનતથી તમારી રેખા એટલી લાંબી કરી દો કે તેની પહોંચ બહાર થઈ જાય.

અંતર જાળવો, તેમના સ્તરે ન પટકાઓ તમારી ઊંચાઈ એવી બનાવો કે તમને મોટા દેખાવા માટે કોઈને વામણા સાબિત કરવાની જરૂર જ ન પડે.

દીવો જ્યારે ઝળહળે છે ત્યારે પતંગિયાં તેની આસપાસ ઘેરો ઘાલે જ છે, પણ યાદ રાખવું દીવાની જ્યોત ઓલવાતી નથી, ઘેરો ઘાલનારા પોતે જ બળીને ખાખ થઈ જાય છે.'

બીજાની સફળતા રોકવામાં સફળ થયેલો માણસ પણ વાસ્તવમાં આજીવન અસફળ જ છે; કારણ કે તેણે કોઈને નીચે તો પાડ્યો, પણ પોતે ક્યારેય એક ડગલું પણ ઉપર ચડી શક્યો નહીં.

તમારી પ્રતિભા કોઈના સર્ટિફિકેટ કે જૂથબંધીની મોહતાજ નથી. જ્યારે ષડયંત્રકારો એકઠા થાય, ત્યારે સમજી લેવું કે તમે એવું વટવૃક્ષ છો જેના મૂળિયાં હલાવવા માટે આખું વાવાઝોડું પણ ટૂંકું પડી રહ્યું છે. અડગ રહો, અડીખમ રહો અને તમારી પ્રગતિની ગર્જનાથી આખા ટોળાને સ્તબ્ધ કરી દો!

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# મણિપુરમાં ઉગ્રવાદીઓએ 4 નાગા જાતિ લોકોની હત્યા કરી:બંધનું એલાન

## ખાંડ ₹450 પ્રતિ કિલો વેચાઈ રહી છે; આ વર્ષે અત્યાર સુધીમાં 44 મોત

મણિપુરના કામજોંગ જિલ્લામાં ગુરુવારે સાંજે ચાર નાગા જાતિ લોકોની હત્યા કરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ હત્યાનો આરોપ કુકી નેશનલ આર્મી-બર્મા (KNA-B) ના ઉગ્રવાદીઓ પર લગાવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, હથિયારોથી સજ્જ ઉગ્રવાદીઓએ પિલોંગ નાગા ગામમાં ગ્રામજનો પર ગોળીબાર કર્યો હતો. પિલોંગ નાગા ગામ કામજોંગ જિલ્લા હેડક્વાર્ટરથી આશરે 35 કિલોમીટર દૂર આવેલું છે. મૃતકોની ઓળખ ફામી જાજો, નિંગથેમ કસાક, બેટરસન જાજો અને વરેઈશિમ જાજો તરીકે થઈ છે. તેમાં વરેઈશિમ જાજો અને ફામી જાજો પિતા-પુત્ર હતા. ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે કામજોંગ જિલ્લા હેડક્વાર્ટર લાવવામાં આવ્યા છે. ઘટના બાદ તાંગખુલ નાગા લોંગ (TNL)એ હત્યાઓની નિંદા કરતાં શુક્રવારે સવારે 7 વાગ્યાથી 24 કલાકના બંધનું એલાન આપ્યું છે. સ્થાનિક સંગઠનોના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરીમાં શરૂ થયેલી હિંસા બાદ આ વર્ષે અત્યાર સુધીમાં 44 લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. તાંગખુલ નાગા લોંગ (TNL)એ કહ્યું કે વીજળી, મેડિકલ સેવાઓ અને ફાયર બ્રિગેડ જેવી જરૂરી સેવાઓને બંધમાંથી મુક્ત રાખવામાં આવશે. અંતિમ સંસ્કાર અને શોકસભામાં જતાં લોકોની અવરજવર પર પણ બંધ લાગુ નહીં થાય. બીજી તરફ, તાંગખુલ નાગા જાતિના યુવાનોના સંગઠન ખાનુઈથોટ-ખોને મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંહની 28 સપ્ટેમ્બરે ઉખરુલની પ્રસ્તાવિત મુલાકાતનો વિરોધ કર્યો છે.

સંગઠન મુજબ, હાલની હત્યાઓ અને નાગા બહુમતી ધરાવતા વિસ્તારોમાં હિંસા બાદની સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમણે પોતાની મુલાકાત બાબતે ફરી વિચાર કરવો જોઈએ. સંગઠને રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસે નાગા જાતિના નાગરિકોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા, હત્યાઓ માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા અને નાગા જાતિની બહુમતી ધરાવતા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાની માંગ કરી છે. મણિપુરમાં કુકી અને નાગા જાતિના સમુદાયો વચ્ચેના તણાવ વચ્ચે પહાડી વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે 7 દિવસથી ઘણી જગ્યાએ સ્કૂલો અને બજારો બંધ છે. 7 પહાડી જિલ્લાઓ સાથેના સંપર્કને અસર થઈ છે. રસ્તાઓ અને હાઈવે પર નાકાબંધીને કારણે સામાન્ય અવરજવર મુશ્કેલ બની ગઈ છે. હિંસાને કારણે જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો પણ પ્રભાવિત થયો છે. કાંગપોકપીના કેટલાક ગામોમાં ખાંડ 400-450 પ્રતિ કિલો સુધી વેચાઈ રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, લોકો ભયને કારણે ઘરની બહાર નીકળી રહ્યા નથી. ખેતરોમાં જવું અને મેડિકલ ઈમરજન્સીની સ્થિતિમાં હોસ્પિટલ કે એરપોર્ટ પહોંચવું પણ મુશ્કેલ બની ગયું છે.

# પીએમ મોદીએ કહ્યું- સમાજ માટે કામ કરો:વોટબેંકની રાજનીતિ માટે નહીં

## વારાણસીથી વડનગર જઈ રહેલા બાઈકર્સ સાથે વાત કરી



દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદીએ વારાણસીથી વડનગર જઈ રહેલા સેવા યાત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી. તેમણે કહ્યું કે જ્યારે આપણે ગાંધીજીના જીવન તરફ નજર કરીએ છીએ, ત્યારે તેઓ અંગ્રેજો સામે લડત લડવા અને આઝાદીની ચળવળ ચલાવવા ઉપરાંત એક મોટા સામાજિક સુધારક પણ હતા.

સમાજમાં વ્યાપેલા દુર્ગુણો સામે તેમણે હંમેશાં કામ કર્યું. તેથી આપણે પણ સમાજમાં સતત સુધારા અને સકારાત્મક પરિવર્તન માટે કામ કરતા રહેવું જોઈએ, માત્ર વોટબેંકની રાજનીતિ માટે નહીં. ખરેખરમાં, 17 સપ્ટેમ્બરે પીએમ મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે બે બાઈક રેલીઓને રવાના કરવામાં આવી હતી. એક રેલી તેમના જન્મસ્થળ વડનગરથી વારાણસી અને બીજી વારાણસીથી વડનગર માટે નીકળી છે. બંને યાત્રાઓ 7 ઑક્ટોબરે પૂર્ણ થશે. મોદીના 25 વર્ષના જાહેર જીવનને ચિહ્નિત કરવા માટે આ રેલીઓ કાઢવામાં આવી રહી છે. છેલ્લાં 12 વર્ષમાં ભારતમાં શહેરો અને ગામડાં વચ્ચે જે અંતર હતું, તે ઘણું ઓછું થયું છે. આજે ગામડાંઓમાં માળખાગત સુવિધાઓ વધુ સારી થઈ છે. આપણી બહેનો અને દીકરીઓમાં આત્મનિર્ભરતા વધી છે. ગઈકાલે મને વડનગરથી નીકળેલા સેવા યાત્રીઓની તમામ ગ્રુપ સાથે સંવાદ કરવાની તક મળી. આજે કાશીથી મારા ગામ તરફ જઈ રહેલી સેવા યાત્રીઓના ગ્રુપ સાથે પણ વાત કરવાની તક મળી. વડનગરે મને જીવનના સંસ્કાર આપ્યા અને કાશીએ મારા સંસ્કારોમાં સેવાના અસંખ્ય રંગો ભર્યા છે. મને સંતોષ છે કે આપ સૌ યુવા સાથીઓ પણ આ યાત્રાને સેવાના અનેક રંગોથી રંગીન કરી રહ્યા છો. સેવા યાત્રાઓએ મારા જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. દેશનો કદાચ જ કોઈ એવો જિલ્લો હશે, જ્યાં જવાનો મને અવસર ન મળ્યો હોય. એવા અસંખ્ય જિલ્લા છે, જ્યાં મને રાત વિતાવવાનો પણ મોકો મળ્યો છે. દરેક યાત્રા અને રસ્તામાં મળેલા અનુભવો આજે પણ ગુરુની જેમ મારું માર્ગદર્શન કરે છે.

# દિલ્હી ગેંગરેપના અન્ય 2 આરોપીઓ ઝડપાયા

દિલ્હીના આસ્થા કુંજ પાર્કમાં 17 વર્ષની સગીરા સાથે ગેંગરેપના મામલામાં પોલીસે ગુરુવારે વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. એક આરોપીની અગાઉ જ ધરપકડ થઈ ચૂકી હતી. આરોપીઓની ઓળખ આસિફ, હેમંત અને મહેશ તરીકે થઈ છે. ત્રણેયને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. પોલીસે પાર્ક અને તેની આસપાસના 300થી વધુ CCTV કેમેરાની ફૂટેજ તપાસીને આરોપીઓની ઓળખ કરી. પીડિતાએ પોલીસ અને FSL ટીમને ઘટનાસ્થળો બતાવ્યા, જ્યાંથી કેટલીક વાંધાજનક વસ્તુઓ મળી આવી. દિલ્હીમાં 12 દિવસમાં સગીરા સાથે દુષ્કર્મના 4 કેસ સામે આવ્યા છે. NCRB મુજબ, POCSO કેસોમાં લગભગ 97% આરોપીઓ પીડિતાને પહેલેથી ઓળખતા હોય છે. પીડિતા સોમવારે પોતાના 17 વર્ષના મિત્ર સાથે જન્મદિવસે કાલકાજી મંદિરે ગઈ હતી. મંદિરમાં પૂજા કર્યા બાદ બંનેએ કાલકાજી મેટ્રો સ્ટેશનની બહાર ચિપ્સ અને પાણીની બોટલ ખરીદી હતી. ત્યારબાદ બંને આસ્થા કુંજ પાર્કમાં ગેટ નંબર 7થી પ્રવેશ્યા હતા. બંને એક બેન્ચ પર બેસીને ચિપ્સ ખાઈ રહ્યા હતા. ત્યારે ત્રણેય આરોપીઓ તેમની પાસે પહોંચ્યા હતા. છોકરી અને તેના મિત્રે જ્યારે તેમને સવાલ કર્યો, ત્યારે આરોપીઓએ તેના મિત્રને પકડીને થપ્પડ મારી હતી. તેમણે પોતાને પોલીસકર્મી હોવાનું જણાવ્યું અને બંનેના મોબાઈલ ફોન લઈ લીધા હતા.

આરોપીઓએ છોકરી અને તેના મિત્રને ધમકાવ્યા હતા. ત્યારબાદ તેઓ છોકરીને પાર્કના એક નિર્જન હિસ્સામાં લઈ ગયા હતા. છોકરીએ પોલીસને જણાવ્યું કે એક આરોપીએ બીજા આરોપીને બંદૂક કાઢવા કહ્યું હતું. અન્ય આરોપીઓને તે આસિફ તરીકે સંબોધતા હતા. તેણે જાંબલી રંગનું શર્ટ પહેર્યું હતું અને તે ત્રણેયમાં સૌથી મજબૂત હતો. આસિફે કથિત રીતે યુવતીને કાળા રંગની બંદૂક બતાવી. ત્યાર બાદ તેણે બંદૂક પાછી ખિસ્સામાં મૂકી દીધી. ત્રણેયે ચાકૂ કાઢ્યાં અને યુવતીને પાર્કના અંધારા ભાગમાં લઈ ગયા. ત્રણેય આરોપીઓ યુવતીને અલગ-અલગ જગ્યાએ લઈ જઈને બળાત્કાર કર્યો પોલીસ અધિકારી અનુસાર, આસિફે યુવતીનાં કપડાં ઉતાર્યાં.

# અમેરિકાના નવા બોમ્બર B-21 રેડર વિમાને પ્રથમ ઉડાન ભરી, શત્રુઓને નજર જ નહીં આવે

કેલિફોર્નિયા

યુએસ એરફોર્સના નેક્સ્ટ જનરેશન સ્ટીલ્થ બોમ્બર 'B-21 રાઈડર'ની તાજેતરની ટેસ્ટ ફ્લાઈટ્સની અત્યંત સ્પષ્ટ અને હાઈ-રિઝોલ્યુશન તસવીરો સામે આવી છે. નોર્થ્રોપ ગ્રુમન દ્વારા વિકસાવવામાં આવી રહેલું આ અદ્યતન વિમાન કેલિફોર્નિયાના પામડેલ સ્થિત એરફોર્સ પ્લાન્ટ 42માં તૈયાર થઈ રહ્યું છે. મોજાવે રણના આકાશમાં ચાલી રહેલા પરીક્ષણ દરમિયાન લેવાયેલી આ તસવીરોમાં



વિમાનના એક્ઝોસ્ટ નોઝલ (એન્જિનમાંથી વાયુ બહાર નીકળવાના માર્ગ) સહિતના ઝીણા ભાગો ખૂબ જ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યા છે. આ ખુલ્લો અને નિર્જન વિસ્તાર હવાઈ પરીક્ષણો માટે અત્યંત સુરક્ષિત અને અનુકૂળ માનવામાં આવે છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે આ વિમાનમાં સંભવતઃ લૂનબર્ગ લેન્સ પણ લગાવવામાં આવ્યા હોઈ શકે છે.

લૂનબર્ગ લેન્સ એક એવું ખાસ ઉપકરણ છે જે રડાર સિગ્નલોને કૃત્રિમ રીતે વધારવા અથવા નિયંત્રિત કરવામાં મદદ કરે છે. સ્ટીલ્થ વિમાનો મૂળભૂત રીતે રડારની નજરમાંથી અદ્રશ્ય રહેવા માટે જ બનેલા હોય છે, પરંતુ ટેસ્ટિંગ દરમિયાન સુરક્ષા, એર ટ્રાફિક કંટ્રોલ અને મોનિટરિંગની સરળતા ખાતર તેને જાણીજોઈને રડાર પર દર્શાવવા આવા લેન્સ ફીટ કરવામાં આવતા હોય છે. B-21 રાઈડરને અમેરિકાના જૂના B-2 સ્પિરિટ બોમ્બરનું ઉત્તરાધિકારી માનવામાં આવે છે. જૂના વિમાનની સરખામણીમાં આ નવું બોમ્બર ઉડાન ભરતી વખતે અત્યંત ઓછો અવાજ કરે છે. વિમાન નિરીક્ષકો અને નિષ્ણાતોએ તેની ખૂબ પ્રશંસા કરી છે, કારણ કે તેની ઉડાન અત્યંત સ્મૂથ અને શાંત જણાઈ છે.




તંત્રની ઘોર નિદ્રા સામે જનતામાં રોષ!

# ડભોઇમાં ઋતુજન્ય રોગચાળાનો હાહાકાર: ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઇ..!!!

ડભોઇ

ડભોઇ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બદલાતા હવામાન અને વાતાવરણના બેફામ પલટાને કારણે ઋતુજન્ય તેમજ વાયરલ બીમારીઓએ માથું ઊંચક્યું છે, જેના કારણે હાલ ડભોઈવાસીઓની હાલત કફોડી બની ગઈ છે. શહેરમાં લગભગ દરેક ઘરમાં માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. શરદી, ઉધરસ, ઝાડા-ઊલટી, તીવ્ર તાવ, માથાનો દુખાવો તેમજ હાથ-પગ અને સાંધાના અસહ્ય દુખાવાના કેસોમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો છે.


પ્રતિકાત્મક તસ્વીર

ખાનગી ક્લિનિક્સ બન્યા 'અડ્ડા', ગરીબ પરિવારો આર્થિક સંકટમાં

રોગચાળાની આ વકરતી અને ગંભીર સ્થિતિને કારણે ડભોઇના સ્થાનિક ખાનગી દવાખાનાઓ અને ક્લિનિક્સમાં વહેલી સવારથી જ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. સરકારી હોસ્પિટલોમાં યોગ્ય વ્યવસ્થાના અભાવે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને નાછૂટકે મોંઘીદાટ ફી ચૂકવીને ખાનગી હોસ્પિટલોના પગથિયાં ચઢવાની મજબૂરી ઊભી થઈ છે.

હાલ પરિસ્થિતિ એવી છે કે સામાન્ય વાયરલ ઈન્ફેક્શનમાં પણ તબીબો દ્વારા લંબાવાતા મોંઘા લેબોરેટરી ટેસ્ટ અને કિંમતી દવાઓ પાછળ સામાન્ય પરિવારના હજારો રૂપિયા સ્વાહા થઈ રહ્યા છે. બ્લડ રિપોર્ટ અને દવાઓનો આ અસહ્ય આર્થિક બોજ ગરીબ અને શ્રમજીવી વર્ગનું માસિક બજેટ ખોરવી રહ્યો છે, જેના કારણે સામાન્ય પ્રજા આર્થિક સંકટમાં મુકાઈ ગઈ છે.

તંત્રની બેદરકારી સામે લોકમાંગ: 'વેળાએ ચેતો, નહિતર સ્થિતિ બેકાબૂ બનશે!'

સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજાની માંગ છે કે ડભોઇ નગરપાલિકાનું સેનિટેશન વિભાગ અને સરકારી આરોગ્ય તંત્ર નિદ્રામાંથી જાગીને સંયુક્ત રીતે તાત્કાલિક અસરકારક પગલાં ભરે. શહેરના સ્લમ વિસ્તારો તેમજ સંવેદનશીલ સોસાયટીઓમાં ખાસ આરોગ્ય કેમ્પોનું આયોજન કરવામાં આવે.

શંકાસ્પદ દર્દીઓના સ્થળ પર જ લોહીના નમૂના (બ્લડ સેમ્પલ) લઈને ચકાસણી કરવામાં આવે, જેથી ડેન્ગ્યુ, મેલેરિયા કે ચિકનગુનિયા જેવી ઘાતક બિમારીઓનું સમયસર નિદાન થઈ શકે અને ગરીબ દર્દીઓને ખાનગી લેબોરેટરીના લૂંટારૂ ખર્ચમાંથી મુક્તિ મળે.

યુદ્ધના ધોરણે ફોગિંગ અને દવા વિતરણ અનિવાર્ય

રોગચાળો વધુ વિકરાળ રૂપ ધારણ કરે તે પહેલાં આરોગ્ય વિભાગની વિશેષ ટીમો બનાવી ઘરે-ઘરે સર્વે કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. વિસ્તારવાઈઝ પ્રાથમિક જરૂરી દવાઓ અને ઓઆરએસ (ORS) ના પેકેટોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે. બીજી તરફ, નગરપાલિકા દ્વારા શહેરભરમાં મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે જંતુનાશક દવાઓનો છંટકાવ અને ફોગિંગની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

## પાનોલી GIDCમાં સલ્ફર મિલ કંપનીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળ્યા

ટેકનિકલ ખામીથી ઘટના બની હોવાની પ્રાથમિક માહિતી, કોઇ જાનહાનિ નહીં




ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી સલ્ફર મિલ લિમિટેડના પ્લાન્ટમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાન્ટમાંથી મોટા પ્રમાણમાં ધુમાડો નીકળતો જોઈ સ્થાનિક લોકોમાં આગ લાગી હોવાની આશંકા સાથે ભય ફેલાયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, કંપનીના પ્લાન્ટમાં ટેકનિકલ ખામી સર્જાતાં આ ઘટના બની હતી. પ્લાન્ટમાં સ્ક્રબરનું ઢાંકણું અચાનક ખુલી જતાં અંદરનું મટિરિયલ બહાર નીકળી ગયું હતું. જેના કારણે મોટા પ્રમાણમાં ધુમાડો નીકળ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં જ કંપનીના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગની ટીમે જરૂરી કાર્યવાહી હાથ ધરી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ધુમાડાના ગોટેગોટા જોઈ આગની આશંકાથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો, જોકે સમયસર કામગીરીને કારણે પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. જોકે, પ્લાન્ટમાં ટેકનિકલ ખામી સર્જાવા પાછળનાં કારણો જાણવા માટે ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

દહેજ BVCમાંથી કેમિકલ વેસ્ટ લોડ થયો હતો?

## આમોદ નજીક હાઇવે-64 પર પ્રવાહી ઢોળાતા આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ

ભરૂચ, રંગુની જાકીર

દહેજ GIDCની BVC કંપનીમાંથી પદાર્થ લોડ કરી હોવાનું જણાવાતી GJ-16-AW-5979 નંબરની ગાડીમાંથી હાઈવે-64 પર આમોદ નજીક પ્રવાહી ઢોળાવાની ઘટના સામે આવી છે. ડ્રાઈવરના જણાવ્યા મુજબ ગાડી જંબુસરના મગણાદ ગામે પદાર્થ ખાલી કરવા જઈ રહી હોવાનું જાણવા મળે છે.

રસ્તા પર પ્રવાહી ઢોળાયા બાદ ત્યાંથી પસાર થતા કેટલાક લોકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ અનુભવાઈ હોવાની ફરિયાદ સામે આવી છે. જોકે ઢોળાયેલો પ્રવાહી ખરેખર કેમિકલ વેસ્ટ હતો કે અન્ય કોઈ પદાર્થ, તેની સત્તાવાર પુષ્ટિ સેમ્પલિંગ અને લેબોરેટરી રિપોર્ટ બાદ જ થઈ શકે છે. ઘટનાની જાણ મીડિયા દ્વારા GPCB અધિકારીને કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસને જાણ કરાયા બાદ ગાડી રસ્તાની સાઈડમાં મુકાવી પોલીસ કસ્ટડીમાં લેવામાં આવી હોવાનું જાણવા મળે છે. BVCમાંથી ગાડીમાં આખરે શું લોડ કરવામાં આવ્યું હતું? જો તે ઔદ્યોગિક અથવા



જોખમી પદાર્થ હતો તો તેના પરિવહન માટે જરૂરી દસ્તાવેજો અને સલામતીની વ્યવસ્થા હતી કે નહીં? રસ્તા પર પ્રવાહી કેવી રીતે ઢોળાયું અને લીકેજ અટકાવવા માટે ગાડીમાં જરૂરી કન્ટેઈનમેન્ટ વ્યવસ્થા હતી કે નહીં? BVCમાંથી ગાડીમાં કયો પદાર્થ લોડ થયો હતો? મગણાદ ખાતે પદાર્થ કયા સ્થળે અને કોને પહોંચાડવાનો હતો? મેનિફેસ્ટ, પરમિટ તથા અન્ય જરૂરી દસ્તાવેજો હતા કે નહીં? રસ્તા પર ઢોળાયેલા પ્રવાહીનું GPCB દ્વારા સેમ્પલિંગ કરાયું કે નહીં?

## તારાપુરના પાદરા ગામેથી નકલી ડૉક્ટર ઝડપાયો: વેસ્ટ બંગાળનો તારક ચંદ્રદેય ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો હતો

રાજપીપળા

આણંદ જિલ્લામાં ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા લોકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાઘવેન્દ્ર વત્સ અને આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણીની સૂચનાથી આ કાર્યવાહી થઈ રહી છે. ખંભાત વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વાઘેલા અને તારાપુર પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. ગોહિલની ટીમ આ કામગીરી કરી રહી છે. તારાપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એ. બી. ગોહિલ અને તેમનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન તેમને બાતમી મળી કે પાદરા ગામમાં એક વ્યક્તિ ડિગ્રી વગર દવાખાનું ચલાવી રહ્યો છે. આ વ્યક્તિનું નામ તારક ચંદ્રદેય માધબ ચંદ્રદેય છે અને તે મૂળ પશ્ચિમ બંગાળના હાવરા નોર્થના શ્રીનગર, વિવેકાનંદ રોડનો રહેવાસી છે. આ બાતમીના આધારે, પોલીસે આરોગ્ય વિભાગના અધિકારીઓને સાથે રાખીને દરોડો પાડ્યો. દરોડા દરમિયાન, તારક ચંદ્રદેય માધબ ચંદ્રદેય ડોક્ટરની ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું. પૂછપરછમાં પણ તેમની પાસે કોઈ મેડિકલ ડિગ્રી ન હોવાનું જણાયું.

મોરબીના જેતપરના ખેડૂતોનો હુંકાર

## "વીજ થાંભલા તો નહીં જ નાખવા દઈએ, સરકારની દમનકારી નીતિ સામે જંગ લડી લઈશું!"

મોરબી

મોરબી જિલ્લાના જેતપર ગામમાં છેલ્લા ચાર મહિનાથી ચાલી રહેલો ખેડૂતોનો વિરોધ હવે વધુ ઉગ્ર અને વિસ્ફોટક બન્યો છે. ખેડૂતો પોતાની ઉપજાઉ જમીનને બચાવવા માટે વીજ થાંભલા નાખવાના મનસ્વી પ્રોજેક્ટ સામે લોખંડી મનોબળ સાથે આંદોલન ચલાવી રહ્યા છે.

આ દરમિયાન તંત્ર દ્વારા ખેડૂતોને એમઆરસી (માર્કેટ રેટ કમિટી) માં જોડાવા માટેની નોટિસ ફટકારવામાં આવતા ઘા રોમરોમ રોષે ભરાયા છે અને ખેડૂતોમાં સરકાર વિરુદ્ધ ભારે આગ અસંતોષ ફાટી નીકળ્યો છે. 'આ અમારી બાપદાદાની કમાણી છે, આના પર જ અમારો અને અમારા પરિવારનો રોજીરોટીનો આધાર છે. સરકાર ગમે તેટલા દબાણ કરે, અમે



અમારા ખેતરોમાં વીજ થાંભલા નહીં નાખવા દઈએ.'

'ચાર મહિનાથી શાંતિપૂર્ણ આંદોલન કરી રહ્યા છીએ, ત્યારે પ્રશ્ન ઉકેલવાને બદલે સરકાર હવે અમને દબાવવા માટે નોટિસો આપી રહી છે. આ નોટિસ માત્ર એક કાગળ નથી, પણ ખેડૂતોના અસ્તિત્વ પરનો સીધો હુમલો છે.'

'અમને વિકાસ સામે વાંધો નથી, પરંતુ ખેડૂતોના ભોગે થતો વિનાશ ક્યારેય સહન નહીં થાય. સરકારે તાત્કાલિક આ તાનાશાહી નોટિસ પાછી ખેંચવી પડશે અન્યથા આંદોલન ઉગ્ર બનશે.'

જેતપર પંથકમાં ખેડૂતોની સંમતિ વગર ખેતરો વચ્ચેથી પસાર થતી વીજ લાઈનો અને થાંભલા નાખવાની કામગીરી સામે ખેડૂતોનો પાછલા ૪ મહિનાથી અડગ વિરોધ ચાલી રહ્યો છે. આંદોલનને કચડી નાખવાના ઈરાદાથી તંત્ર દ્વારા ખેડૂતોને એમઆરસી હેઠળ નોટિસો ફટકારવામાં આવતા હવે આ લડાઈ માત્ર વીજ થાંભલા પૂરતી સીમિત નથી રહી, પરંતુ ખેડૂતોના સ્વમાન અને અધિકારની લડાઈ બની ગઈ છે.

આ આગામી દિવસોમાં મોરબીના પંથકમાં મોટું રાજકીય અને સામાજિક ભૂકંપ સર્જે તેવી પૂરી શક્યતા છે.

નાણામંત્રી કનુ દેસાઇએ કાઉન્ટરોની મુલાકાત લીધી

## વાપી મનપા દ્વારા છીરીમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો : 1227 અરજીઓનો નિકાલ કરાયો

આ કાર્યક્રમમાં નાગરિકોએ જન્મ-મરણના દાખલા, લગ્ન પ્રમાણપત્ર અને આધારકાર્ડમાં મોબાઇલ નંબર લિંક કરવા જેવી સેવાઓનો લાભ લીધો. કાજલ વિનય ગુપ્તાએ જણાવ્યું કે, તેમના દીકરાનો જન્મનો દાખલો સેવાસેતુમાં માત્ર 10 મિનિટમાં મળી ગયો

વલસાડ

વાપી મનપા દ્વારા છીરીમાં શુક્રવારે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકારના 'સરકાર તમારા દ્વારે' અભિગમ હેઠળ આ કાર્યક્રમ થયો હતો. કેબિનેટ મંત્રી કનુ દેસાઈ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ સરકારી સેવાઓ માટે આવેલી 1227 અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. સેવાસેતુનો મુખ્ય હેતુ નાગરિકોને તેમના વિસ્તારમાં જ એક જ જગ્યાએથી સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ આપવાનો છે. જેથી તેમને સામાન્ય કામ માટે તાલુકા કે જિલ્લા કચેરીઓના ધક્કા ન ખાવા પડે. છીરીમાં થયેલા આ કાર્યક્રમમાં જુદા જુદા વિભાગોના કાઉન્ટર ઊભા કરીને અરજદારોને સ્થળ પર જ સેવાઓ અપાઈ હતી. મંત્રી કનુ દેસાઈએ સેવાસેતુ કાર્યક્રમની મુલાકાત લીધી હતી. તેમણે જુદા જુદા વિભાગોના કાઉન્ટરો પર જઈને અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાત કરી. કઈ કચેરી કઈ સેવા આપી રહી છે અને નાગરિકોને તેનો યોગ્ય લાભ મળે છે કે નહીં, તે જાણવા તેમણે અરજદારો સાથે પણ વાતચીત કરી હતી.

આ કાર્યક્રમમાં નાગરિકોએ જન્મ-મરણના દાખલા, લગ્ન પ્રમાણપત્ર અને આધારકાર્ડમાં મોબાઈલ નંબર લિંક કરવા જેવી સેવાઓનો લાભ લીધો. કાજલ વિનય ગુપ્તાએ જણાવ્યું કે, તેમના દીકરાનો જન્મનો દાખલો સેવાસેતુમાં માત્ર 10 મિનિટમાં મળી ગયો. મહમંદ અયુબ અંસારીનો મૂળ જન્મનો દાખલો ખોવાઈ ગયો હતો, તેમને ઝેરોક્સના આધારે નવો દાખલો મળ્યો. છીરીના કંચનનગરના સુમનબેનને તેમની દીકરીનું લગ્ન પ્રમાણપત્ર સ્થળ પર જ મળ્યું. આશિષભાઈએ જણાવ્યું કે, આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિંક કરાવવાનું કામ પણ સેવાસેતુમાં તરત જ થઈ ગયું.

ખંભાતમાં ભક્તિસભર માહોલમાં

## ગણેશ વિસર્જનનો પ્રારંભ: દરિયા કાંઠે કુત્રિમ તળાવમાં ક્રેનથી મૂર્તિઓની પધરામણી કરાઈ રહી છે

ખંભાત

ખંભાત પંથકમાં દસ દિવસની પૂજા બાદ આજે ભક્તિ અને ઉત્સાહ સાથે ગણપતિ બાપાને વિદાય અપાઈ રહી છે. આખા પંથકમાં 'ગણપતિ બાપા મોરિયા, અગલે બરસ તું જલ્દી આ'ના નાદ સાથે ગણેશ વિસર્જન યાત્રા શરૂ થઈ છે.

ખંભાત દરિયા કાંઠે બનાવેલા કૃત્રિમ તળાવમાં 2 ક્રેન દ્વારા ગણેશ વિસર્જન શરૂ કરાયું છે. આજે 150થી વધુ ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન થઈ રહ્યું છે. મોટી મૂર્તિઓનું વિસર્જન આવતીકાલે દરિયામાં કરાશે. દસ દિવસ સુધી અલગ અલગ વિસ્તારોમાં પૂજા પામ્યા બાદ આજે ભક્તોએ ભારે હૈયે બાપાને વિદાય આપી. ડી.જે.ના તાલે અને ગુલાલ ઉડાડીને ભવ્ય વિસર્જન યાત્રાઓ કાઢવામાં આવી હતી. આ યાત્રાઓમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા




હતા. યાત્રાના રસ્તા પર નાસ્તા અને પીવાના પાણીની પરબો ઊભી કરીને સેવાના કામો કરાયા હતા. વિસર્જન શાંતિપૂર્ણ રીતે પૂરું થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા મોટી વ્યવસ્થા ગોઠવાઈ છે. ખંભાતમાં પોલીસ કાફલો તૈનાત કરાયો છે. આ કાફલામાં 2 DYSP, 5 PI અને 10 PSI, 105 પોલીસ જવાનો અને 75 હોમગાર્ડ જવાનો સામેલ છે. સાથે જ, 1 ઘોડેસવાર ટીમ, 1 ડ્રોન કેમેરા અને 10 બોડીવોર્ન કેમેરા પણ તૈનાત છે. આ ઉપરાંત, દરિયા કાંઠે નાસ્તા અને પીવાના પાણીની સુવિધા પણ છે. કોઈ પણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા માટે એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ સહિતની ઈમરજન્સી સેવાઓ પણ તૈયાર રખાઈ છે.

## ધંધુકા-ફેદરા માર્ગ પર ઈકો કાર પલટી:શ્રમિકોનો આબાદ બચાવ

સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતા 3-4ને સામાન્ય ઈજા

ધંધુકા

ધંધુકા-ફેદરા માર્ગ પર હરીપુરા પાટિયા પાસે એક ઈકો કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ૩થી ૪ શ્રમિકોને સામાન્ય ઈજાઓ થઈ હતી, જોકે મોટી જાનહાનિ ટળી હતી. મળતી માહિતી મુજબ, ઈકો કારનો ચાલક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. જેના કારણે કાર રોડ પર પલટી મારી ગઈ હતી. કારમાં દાહોદ અને ગોધરા તરફના શ્રમિકો મુસાફરી કરી રહ્યા હતા.



અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે ઈજાગ્રસ્ત શ્રમિકોને મદદ કરી હતી. આ ઘટનાને કારણે ધંધુકા-ફેદરા માર્ગ પર થોડા સમય માટે લોકોના ટોળા ભેગા થયા હતા.

## નડિયાદ મનપાની સામાન્ય સભામાં 6 સભ્યોએ રાજીનામા આપ્યા : 12 કમિટીઓની રચના કરાઈ, આગામી દિવસોમાં ચેરમેન-વાઇસ ચેરમેન નિમાશે

નડિયાદ

નડિયાદ મહાનગરપાલિકાની બીજી સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વહિવટી તંત્રને સુચારૂરૂપે ચલાવવા 12 વિષય સમિતિઓની રચના કરવાનો મહત્વનો એજન્ડા મુકાયો હતો. બેઠકમાં અગાઉ નગરપાલિકા સમયના ફાયર સ્ટેશનની ખાલી જગ્યાઓ ભરવાનો નિર્ણય લેવાયો હતો. બીજી તરફ કારોબારી સમિતિના સભ્યોના રાજીનામા અને વિપક્ષના વિરોધ વચ્ચે આ સામાન્ય સભા સંપન્ન થઈ હતી. સામાન્ય સભા દરમિયાન ફાયર વિભાગની ખાલી પડેલી જગ્યાઓ ભરવા અગાઉ આપ આપેલી જાહેરાત અન્વયે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક આપવાની પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં લીડીંગ ફાયરમેનની 1, મહિલા અનામત ફાયરમેન કમ ડ્રાઈવરની 2 અને પુરુષ અનામત ફાયરમેન કમ ડ્રાઈવરની 1 મળીને કુલ 4 જગ્યાઓ પર ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની નિમણૂક પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ આ સામાન્ય સભામાં કારોબારી સમિતિના 6 સભ્યોએ રાજીનામા આપ્યા હતા. આગામી દિવસોમાં 12 કમિટીના ચેરમેન અને વાઈસ ચેરમેનની રચના સમયે આ અંગે વિગતો જાહેર કરાશે તેમ મેયરે જણાવ્યું હતું. આ બેઠક બાબતે કોંગ્રેસના કાઉન્સિલર હાર્દિક ભટ્ટે મનપાની કારોબારી સમિતિએ કરેલા ઠરાવોને બહાલી આપવાના મુદ્દાનો વિરોધ કર્યો હતો. તેમણે કયા અને શેના ઠરાવ થયા છે તેની કોઈ જ વિગતો આપવામાં આવી ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

મહાનગરપાલિકાની વિવિધ વિષય સમિતિઓમાં સભ્યોની પસંદગી કરવામાં આવી છે.





### 2008માં રિલીઝ થયેલી 'જન્નત'માં સોનલ ચૌહાણે ઈમરાન હાશ્મી સાથે કામ કર્યું હતુ

# 17 વર્ષ પછી પણ 'ઝોયા'નો જાદુ યથાવત: કહ્યું 'નવી ઓળખથી મને કોઈ વાંધો નથી'

મુંબઈ

મુંબઈ: બોલીવુડ અભિનેત્રી સોનલ ચૌહાણને ફિલ્મ 'જન્નત'માં ભજવેલું 'ઝોયા'નું પાત્ર આજે પણ એટલું જ યાદ કરવામાં આવે છે. ફિલ્મને રિલીઝ થયાને 17 વર્ષ વીતી ગયા છે, પરંતુ દર્શકોના મનમાં સોનલની ઓળખ આજે પણ 'જન્નતની ઝોયા' તરીકે જ છે. ખાસ વાત એ છે કે આ ઓળખને લઈને સોનલને કોઈ અફસોસ પણ નથી. અભિનેત્રીનું કહેવું છે કે જો લોકો વર્ષો બાદ પણ કોઈ પાત્રના નામથી કલાકારને યાદ કરે તો તે ખરેખર ખુશીની વાત છે. 2008માં રિલીઝ થયેલી 'જન્નત'માં સોનલ ચૌહાણે ઈમરાન હાશ્મી સાથે કામ કર્યું હતું. ફિલ્મમાં તેના 'ઝોયા'ના પાત્રને દર્શકોએ ખૂબ પસંદ કર્યું હતું અને આ ભૂમિકાએ સોનલને બોલીવુડમાં ખાસ ઓળખ અપાવી હતી. ફિલ્મના ગીતો અને ઈમરાન-સોનલની જોડી પણ ખૂબ ચર્ચામાં રહી હતી. સમય પસાર થતો ગયો, સોનલે અનેક પ્રોજેક્ટ્સમાં કામ કર્યું, પરંતુ 'ઝોયા'નું પાત્ર તેની સાથે આજે પણ અવિભાજ્ય અંગ તરીકે જોડાયેલું છે. સોનલ ચૌહાણે આ મુદ્દે જણાવ્યું હતું કે આજે પણ જ્યારે કોઈ તેને 'ઝોયા' કહીને બોલાવે છે ત્યારે તેને ખરાબ લાગતું નથી. તેના બદલે તેને ખુશી થાય છે કે દર્શકોને તેનું પાત્ર આટલા વર્ષો બાદ પણ યાદ છે. અભિનેત્રીના મતે કલાકાર માટે આ એક મોટી ઉપલબ્ધિ છે કે તેની ભૂમિકા દર્શકોના દિલમાં એટલી ઊંડી છાપ છોડી જાય કે વર્ષો બાદ પણ લોકો તેને એ જ નામથી ઓળખે. સોનલે પોતાના કરિયરના શરૂઆતના દિવસોને પણ યાદ કર્યા હતા. 'જન્નત' દરમિયાન તે ઈન્ડસ્ટ્રીમાં નવી હતી અને તેને કામ તથા કરિયરને લઈને યોગ્ય માર્ગદર્શન મળતું નહોતું. સમય સાથે તેણે અલગ-અલગ ફિલ્મો અને પ્રોજેક્ટ્સમાં કામ કર્યું. તેની કરિયરની સફર તેણે વિચાર્યા મુજબ આગળ વધી ન હોવા છતાં સોનલ કહે છે કે તેને પોતાના ભૂતકાળના નિર્ણયોનો કોઈ અફસોસ નથી. હવે સોનલ ચૌહાણ એક નવા પાત્ર સાથે દર્શકોનું ધ્યાન આકર્ષવા તૈયાર છે. 'મિર્ઝાપુર: ધ મૂવી'માં તે મુમતાઝ બીબીના પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મમાં તે રવિ કિશન સાથે સ્ક્રીન શેર કરી રહી છે. સોનલ માટે આ પાત્ર મહત્વનું છે, કારણ કે 'ઝોયા' જેવી એક જ ભૂમિકા સાથે જોડાયેલી ઓળખ બાદ તે નવા અને અલગ પ્રકારના પાત્ર દ્વારા દર્શકો સુધી પહોંચવા માંગે છે.

**સોનલ આ ઓળખથી દૂર ભાગવાને બદલે તેને પોતાની ઉપલબ્ધિ માને છે.**

# અક્ષય-શ્રદ્ધાની બોક્સ ઓફિસ ટક્કર ટળી

## અગાઉ આ જ તારીખોમાં રીલિઝ થનારી અજય દેવગણની રેન્જર પણ પાછળ ધકેલાઈ ચૂકી છે



મુંબઈ

શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'ઈઠા' હવે 4 ડિસેમ્બરે રિલીઝ થશે. આ ફિલ્મમાં શ્રદ્ધા મહારાષ્ટ્રના વિખ્યાત તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરની ભૂમિકામાં છે. અગાઉ આ જ તારીખે રિલીઝ થનારી અજય દેવગણની 'રેન્જર' 2027માં અને અક્ષય કુમારની ફિલ્મ નવેમ્બરમાં અથવા 2027માં રિલીઝ થશે. આમ, 'ઈઠા'ને સોલો રિલીઝ મળશે.

શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈઠા' હવે ચોથી ડિસેમ્બરે રિલિઝ થશે ત્યારે તેની સાથે કોઈ ફિલ્મની બોક્સઓફિસ પર ટક્કર નહીં થાય. 'છાવા' ફેમ લક્ષ્મણ ઉતેકર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ઈઠા'માં શ્રદ્ધા કપૂરે મહારાષ્ટ્રની વિખ્યાત તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરની ભૂમિકા ભજવી છે. લાંબા સમયથી ફિલ્મ 'ઈઠા'ની રિલિઝ એક યા બીજા કારણસર ઠેલાઈ રહી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર અજય દેવગણની ફિલ્મ 'રેન્જર' જે ચોથી ડિસેમ્બરે રીલિઝ થવાની હતી તેને હવે ૨૦૨૭માં રીલિઝ કરવામાં આવશે. બીજી એક અક્ષય કુમાર વિદ્યા બાલન અને રાશિખન્નાની ફિલ્મ ચોથી ડિસેમ્બરે રિલિઝ થવાની હતી તેને પણ હવે નવેમ્બરમાં અથવા આવતાં વર્ષે ૨૦૨૭માં રિલિઝ કરવામાં આવશે.

અગાઉ શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી ટુ' અને અક્ષયકુમારની 'ખેલ ખેલ મેં 'બોક્સ ઓફિસ પર ટકરાઈ હતી. દર્શકોને ઈન્તેઝાર હતો કે શ્રદ્ધા અને અક્ષય કુમાર ફરી એકવાર ચોથી ડિસેમ્બરે ટકરાશે કે કેમ. પણ હવે અનીશ બાઝમી નિર્દેશિત અક્ષય કુમારની ફિલ્મ વહેલી તૈયાર થાય તો નવેમ્બરમાં નહીં તો ૨૦૨૭માં રીલિઝ કરવામાં આવવાની હોઈ 'ઈઠા'ને ચોથી ડિસેમ્બરે સોલો રિલિઝ મળશે.

# રણબીર બાદ હવે આલિયાનો 'Love & War'નો લુક રિવીલ

## ફિલ્મના ટિઝર રિલીઝને લઈને લોકોનો ઉત્સાહ હવે વધી રહ્યો છે, પોસ્ટરના બેગ્રાઉન્ડમાં પણ એક રેટ્રો લૂક જોવા મળી રહ્યો છે

મુંબઈ

રણબીર કપૂર અને આલિયા ભટ્ટની આવનારી ફિલ્મ 'લવ એન્ડ વોર' નું એક પોસ્ટર સામે આવ્યું છે. પહેલા રણબીર કપૂરનો એક સિન સામે આવ્યા બાદ હવે આલિયા ભટ્ટનો લૂક રિવીલ થયો છે. સંજય લીલા ભણસાલીના ડાયરેક્શનમાં તૈયાર થયેલી ફિલ્મ 'લવ એન્ડ વોર'માં રણબીરનો લૂક કેવો હશે એ ગુરૂવારે જ સ્પષ્ટ થઈ ગયું હતું. આ પછી હવે આલિયા ભટ્ટનો લૂક સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર બન્નેના લૂકની જોરશોરથી ચર્ચા થઈ રહી છે. આ લૂક સામે આવ્યા બાદ ફેન્સનું એક્ઝાઈટમેન્ટ વધી ગયું છે. રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ સ્ટારર ફિલ્મમાં વિષય શું છે એ ટિઝર સામે આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આલિયાના આ પોસ્ટરમાં એક અલગ અંદાજ જોવા મળ્યો છે. રેડ કલરના ડ્રેસમાં તે એકદમ અલગ લાગી રહી છે. કેબ્રે ડાન્સરના લૂકમાં આલિયાનો ગ્લેમરસ લૂક સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર ફેન્સ તેના આ લૂકને પસંદ કરી રહ્યા છે. આ પહેલા તેની ફિલ્મ 'આલ્ફા' ખરાબ રીતે પીટાઈ ગયા બાદ હવે આલિયા માટે આ ફિલ્મ થકી છવાઈ જવાનો મોટો ચાન્સ છે. 2 લાખથી વધારે લાઈક્સ તેના આ લૂક પર આવી ચૂકી છે. રણબીર કપૂરનો એક રેટ્રો લૂક સામે આવ્યો હતો એ પછી હવે આલિયાનો ક્રેબે લૂક સામે આવ્યો છે. પોસ્ટરની સ્ટાઈલ અત્યાર સુધીની બન્નેની ફિલ્મ કરતા ઘણી અલગ છે. રણબીરનો આ લૂક સામે આવતા ઘણી ચર્ચા થઈ રહી છે ફરી એ ફિલ્મ યુગને ફેન્સ તાજા કરી રહ્યા છે. ફિલ્મના ટિઝર રિલીઝને લઈને લોકોનો ઉત્સાહ હવે વધી રહ્યો છે. પોસ્ટરના બેગ્રાઉન્ડમાં પણ એક રેટ્રો લૂક જોવા મળી રહ્યો છે. આ ફિલ્મ આવતા વર્ષે જાન્યુઆરી મહિનામાં આવી રહી છે. બધુ વ્યવસ્થિત રહ્યું તો ફિલ્મ 21 જાન્યુઆરીએ રિલીઝ થઈ શકે છે. આલિયાનો લૂક સામે આવતા ફેન્સ તેના 'ગંગુબાઈ કાઠિયાવાડી' અંદાજને યાદ કરી રહ્યા છે. આ ફિલ્મ પણ સંજય લીલા ભણસાલીએ બનાવી હતી. રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર આવ્યા બાદ તેના ક્લિનશેવ લૂકની ચર્ચા છે. પણ આ ફિલ્મમાં પણ તેનો ક્લિનશેવ લૂક જોવા મળી રહ્યો છે. એકહાથ પર લોહી અને કારમાં એનો લૂક સોશિયલ મીડિયા પર વાયરલ છે. આ ફોટો પર ફેન્સે દિલ ખોલીને કોમેન્ટ કરી છે.





# અનુપમ ખેરે ગોવિંદાના અંગત જીવન અંગે કરી મોટી વાત

## એક ઈન્ટરવ્યૂ દરમિયાન અનુપમ ખેરે અભિનેતા ગોવિંદા અને અક્ષય ખન્ના અંગે ખુલ્લેઆમ વાત કરી હતી

મુંબઈ

બોલીવુડના દિગ્ગજ અભિનેતા અનુપમ ખેર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાર દાયકાથી વધુ સમય પસાર કરી ચૂક્યા છે. પોતાની લાંબી કારકિર્દીમાં તેમણે હિન્દી સિનેમાના લગભગ તમામ મોટા કલાકારો સાથે કામ કર્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન અનુપમ ખેરે અભિનેતા ગોવિંદા અને અક્ષય ખન્ના અંગે ખુલ્લેઆમ વાત કરી હતી.

અનુપમ ખેરે જ્યાં ગોવિંદાના અંગત જીવનને લઈને ચાલી રહેલી ચર્ચાઓ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો, ત્યાં અક્ષય ખન્નાના મીડિયાથી અંતર રાખવાના અંદાજને તેમની માર્કેટિંગ સ્ટ્રેટેજીનો એક ભાગ ગણાવ્યો હતો. ગોવિંદા સાથે કામનો અનુભવ યાદ કર્યો ફરીદૂન શહેરયાર સાથેની વાતચીતમાં અનુપમ ખેરે ગોવિંદાની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ તેમના પસંદગીના કલાકારોમાંના એક છે. અનુપમ ખેરે જણાવ્યું કે તેમણે ગોવિંદા સાથે લગભગ 10થી 12 ફિલ્મોમાં કામ કર્યું છે. તેમના જણાવ્યા અનુસાર ગોવિંદાની એક્ટિંગ, ડાન્સ અને ખાસ કરીને ઈમ્પ્રોવાઈઝેશન કરવાની ક્ષમતાની બરાબરી કરવી સરળ નથી. ગોવિંદા એવા કલાકારોમાં સામેલ છે, જેઓ સ્ક્રીન પર કંઈપણ કરી બતાવવાની ખાસ ક્ષમતા ધરાવે છે. જોકે, ગોવિંદાની પ્રશંસા સાથે અનુપમ ખેરે એ પણ કહ્યું કે કોઈ કલાકારનું અંગત જીવન અથવા તેની આદતો તેના સમગ્ર વ્યક્તિત્વ અને કારકિર્દી પર હાવી ન થવી જોઈએ. તેમના મતે કલાકાર માટે તેનું કામ સૌથી મહત્વની બાબતોમાંની એક છે. છેલ્લા કેટલાક સમયથી ગોવિંદાનું અંગત જીવન સતત ચર્ચામાં રહ્યું છે. તેમની પત્ની સુનીતા સાથેના સંબંધો અને અભિનેત્રી કોમલ રાની સાથેના કથિત સંબંધોને લઈને સોશિયલ મીડિયા તથા મીડિયામાં વિવિધ પ્રકારની ચર્ચાઓ થઈ રહી છે.

# બોલીવૂડમાં શોકની લહેર! અભિનેતા મુશ્તાક ખાન કેન્સર સામે જિંદગીની જંગ હાર્યા

મુંબઈ

બોલીવૂડ અને ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી વધુ એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અનેક લોકપ્રિય ફિલ્મો અને ટીવી સીરિયલ્સમાં પોતાના અભિનય અને કોમિક ટાઈમિંગથી દર્શકોના દિલ જીતનારા જાણીતા ચરિત્ર અભિનેતા મુશ્તાક ખાનનું 56 વર્ષની વયે કેન્સર જેવી ગંભીર બીમારીને કારણે નિધન થયું છે. તેમના અકાળે અવસાનથી ફિલ્મ ઉદ્યોગ અને ચાહકોમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. દિગ્ગજ અભિનેતા મુશ્તાક ખાનના નિધન બાદ બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે જોડાયેલો એક અત્યંત ભાવુક કિસ્સો ફરી ચર્ચામાં આવ્યો છે, જેમાં બિગ બીએ મુશ્તાક ખાનને મુંબઈ જેવા માયાનગરમાં પોતાનું પ્રથમ ઘર ખરીદવા માટે મોટી આર્થિક મદદ કરી હતી. મુશ્તાક ખાન છેલ્લા કેટલાક સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તેમની સારવાર ચાલી રહી હતી, પરંતુ તબિયત વધુ લથડતાં 56 વર્ષની નાની વયે તેમણે દુનિયાને અલવિદા કહી દીધું હતું. તેમના નિધનના સમાચાર સામે આવતાં જ બોલીવૂડ કલાકારો, દિગ્દર્શકો અને સહ-કલાકારોએ સોશિયલ મીડિયા પર ઊંડો શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

જોકે, આ બધા વચ્ચે મુશ્તાક ખાનના એક જૂના ઈન્ટરવ્યુમાં કહેલી વાત પણ સોશિયલ મીડિયા પર ચર્ચાનું કારણ બની છે. એક ઈન્ટરવ્યુમાં ભાવુક થઈને ખુદ મુશ્કાત ખાને ખુલાસો કર્યો હતો કે જ્યારે તેઓ મુંબઈમાં પોતાની ઓળખ બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે તેમની પાસે ઘર ખરીદવા માટે પૂરતા પૈસા નહોતા. બિગ બીએ મુશ્કેલ સમયમાં જ્યારે મુશ્તાક ખાનની આ પરિસ્થિતિની જાણ થઈ, ત્યારે તેમણે કોઈપણ ખચકાટ વિના તેમને આર્થિક ટેકો આપ્યો હતો. બિગ બીની આ નિઃસ્વાર્થ મદદના કારણે જ મુશ્તાક ખાન સપનાના શહેર મુંબઈમાં પોતાનું પ્રથમ ઘર ખરીદી શક્યા હતા.



પાક્કો ગુજરાત
શનિવાર | 26 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

## કુમાર કુશાગ્ર 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો. ભારતે શ્રેણીમાં 1-0ની લીડ મેળવી

# ભારતે ઓસ્ટ્રેલિયાને 162 રને કચડ્યું! દેશપાંડે-મુલાનીની જોડી છવાઈ

મુંબઈ

પુડુચેરી ખાતે રમાયેલી પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટ મેચમાં દેવદત્ત પડિક્કલની આગેવાની હેઠળ ઈન્ડિયા 'A' ટીમે ઓસ્ટ્રેલિયા 'A'ને 162 રને કારમી હાર આપી છે. 363 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર 200 રનમાં ઓલઆઉટ થઈ હતી. કુમાર કુશાગ્ર 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો. ભારતે શ્રેણીમાં 1-0ની લીડ મેળવી. પુડુચેરી ખાતે રમાયેલી પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટ મેચમાં દેવદત્ત પડિક્કલની આગેવાની હેઠળ ઈન્ડિયા 'A' ટીમે ઓસ્ટ્રેલિયા 'A'ને 162 રને કારમી હાર આપીને શ્રેણીમાં 1-0ની લીડ મેળવી લીધી છે. જીત માટે મળેલા 363 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતાં ઓસ્ટ્રેલિયાની ટીમ



મેચના ચોથા અને અંતિમ દિવસે બીજી ઈનિંગ્સમાં માત્ર 200 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. મહેમાન ટીમ વતી આઠમા નંબરે બેટિંગ કરવા આવેલા ફર્ગસ ઓ'નીલે સૌથી વધુ 47 રન બનાવ્યા હતા. બંને ટીમો વચ્ચે બીજી અનઓફિશિયલ ટેસ્ટ 29 સપ્ટેમ્બરથી રમાશે.ઐતિહાસિક વાસ્તા જુઓ મેચના અંતિમ દિવસે ઓસ્ટ્રેલિયા A ટીમે 2 વિકેટે 55 રનથી પોતાની ઈનિંગ્સ આગળ ધપાવી હતી, પરંતુ ભારતીય બોલરોએ બાકીની 8 વિકેટો માત્ર 145 રનમાં ઝડપી લીધી હતી: 77 રનના સ્કોરે અંશુલ કંબોજે નાથન મેક્સવીનીને આઉટ કરીને ભારતને ત્રીજી સફળતા અપાવી અને ત્યારબાદ પીટર હેન્ડ્સકોમ્બને બોલ્ડ કરીને મોટો ઝટકો આપ્યો હતો. ફાસ્ટ બોલર તુષાર દેશપાંડેએ સતત બે બોલમાં જોશ ફિલિપી અને લિયમ સ્કોટને પેવેલિયન ભેગા કરી ઓસ્ટ્રેલિયાનો સ્કોર 6 વિકેટે 118 રન કરી દીધો હતો.

જેસન સાંઘા 26 રન બનાવી તનુષ કોટિયનની બોલિંગમાં કેચ આઉટ થયા હતા.

## ચેસ ઓલિમ્પિયાડ: ભારતના ટોચ પર પહોંચવાની તક ચૂકી

મુંબઈ

સમરકંદમાં ચાલી રહેલા 46મા FIDE ચેસ ઓલિમ્પિયાડના આઠમા રાઉન્ડમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની મેન્સ અને વુમન્સ ટીમને ડ્રોથી સંતોષ માનવો પડ્યો.

મેન્સ કેટેગરીમાં ભારતને અઝરબૈજાને 2-2થી રોક્યું. વુમન્સ કેટેગરીમાં પણ કઝાકિસ્તાન સામેનો મુકાબલો 2-2થી બરાબરી પર રહ્યો. ભારતની મેન્સ ટીમ પાસે ટોચ પર પહોંચવાની તક હતી, પરંતુ ડ્રોના કારણે આ તક હાથમાંથી નીકળી ગઈ. બીજી તરફ, વુમન્સમાં કઝાકિસ્તાન સામે ડ્રો બાદ ભારતીય ટીમ બીજા સ્થાને સરકી ગઈ છે, જ્યારે ચીનની ટીમ ટોચ પર પહોંચી ગઈ છે. અઝરબૈજાન સામે ભારતના આર. પ્રજ્ઞાનંદ, અર્જુન એરીગૈસી, ડી. ગુકેશ અને વિદિત ગુજરાથીએ ચારેયે પોતાની બાજીઓ ડ્રો રમી.

ગુકેશે ત્રીજા બોર્ડ પર સફેદ મોહરાઓથી મર્દાલી મહમ્મદ સામે સારી સ્થિતિ બનાવી હતી. જોકે, અઝરબૈજાનના ખેલાડીએ સચોટ બચાવ કર્યો અને 56 ચાલ બાદ બાજી ડ્રો રહી. આર. પ્રજ્ઞાનંદને અનુભવી શાખરિયાર મામેદ્યારોએ ડ્રો પર રોક્યો. અર્જુન એરીગૈસી અને આયદિન સુલેમાનલી વચ્ચેની બાજી પણ બરાબરી પર રહી. વિદિત ગુજરાથી રઉફ મામેદોવ સામે ડ્રો રમ્યો. જર્મનીએ ઉઝબેકિસ્તાનને હરાવીને ટોચની રેસ રસપ્રદ બનાવી જર્મનીએ દિવસનો મોટો ઉલટફેર કરતાં ટેબલ ટોપર ઉઝબેકિસ્તાનને 2.5-1.5થી હરાવી દીધું. ફ્રેડરિક સ્વાને અને રાસમસ સ્વાનેએ જર્મનીને જીત અપાવી.

### સુરુચિ-કમલજીતે પિસ્તોલમાં ગોલ્ડ અપાવ્યો

## એશિયન ગેમ્સ- ગુલવીર સિંહે 10 હજાર મીટરમાં સિલ્વર જીત્યો

નવી દિલ્હી

ગુલવીર સિંહે એશિયન ગેમ્સની 10 હજાર મીટર રેસમાં સિલ્વર મેડલ જીતી લીધો છે. તેણે 28 મિનિટ 29.38 સેકન્ડમાં રેસ પૂરી કરી. 2023માં ગુલવીરે બ્રોન્ઝ જીત્યો હતો. ભારતે ગેમ્સના છઠ્ઠા દિવસે 5 મેડલ જીત્યા. શૂટિંગમાં સુરુચિ ઈન્દ્ર સિંહ-કમલજીતની જોડીએ 10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમમાં ગોલ્ડ જીત્યો. ઐશ્વર્યા તોમર, રુદ્રાંક્ષ પાટિલ અને નીરજ કુમારે 50 મીટર રાઈફલ 3 પોઝિશન ટીમ ઈવેન્ટમાં સિલ્વર અપાવ્યો. મનપ્રીત કૌરે શોટપુટમાં અને માનુષ શાહ-દિયા ચિતલેએ



ટેબલ ટેનિસ મિક્સ્ડ ડબલ્સમાં બ્રોન્ઝ જીત્યો. શુક્રવારે ભારતની મેન્સ અને વુમન્સ કબડ્ડી ટીમે ફાઈનલમાં પહોંચીને મેડલ પાક્કો કર્યો. જોકે બેડમિન્ટનમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી પહેલા રાઉન્ડમાં હારીને બહાર થઈ ગઈ. ભારતના 22 મેડલ થઈ ગયા છે. તેમાં 2 ગોલ્ડ સામેલ છે. જાપાનના નાગોયામાં ચાલી રહેલી ગેમ્સમાં ભારતને બીજો ગોલ્ડ મળ્યું છે. આ પહેલાં મહિલા ક્રિકેટ ટીમે ગેમ્સનો પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. આ વર્તમાન એશિયન ગેમ્સમાં શૂટિંગનો પહેલો ગોલ્ડ છે. ભારતીય શૂટર્સ અત્યાર સુધીમાં 10 મેડલ અપાવી ચૂક્યા છે. તેમાં 5 સિલ્વર અને 4 બ્રોન્ઝ પણ સામેલ છે. ભારતીય જોડી સાઉથ કોરિયાથી 6.6 મીટર આગળ રહી. 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ફાઈનલમાં સુરુચિ અને કમલજીતની ભારતીય જોડી સાઉથ કોરિયાથી 6.6 પોઈન્ટ આગળ રહી.ઈન્ડિયાએ 484.6 પોઈન્ટ મેળવ્યા.

# નેપાળે અફઘાનિસ્તાનને ધૂળ ચટાવી

### ક્વાર્ટર ફાઇનલનું ગણિત બદલાયું; હવે ભારત સામે રમી શકે મેચ

મુંબઈ

નેપાળે એશિયન ગેમ્સની ક્રિકેટ ઈવેન્ટમાં અફઘાનિસ્તાનને 5 વિકેટે હરાવી દીધું છે. જાપાનના નિશિન ખાતે આવેલા કોરોગી સ્પોર્ટ્સ પાર્કમાં અફઘાનિસ્તાને પહેલી બેટિંગ કરી હતી. ટીમ 20 ઓવરમાં માત્ર 102 રન બનાવી શકી હતી. જવાબમાં નેપાળે 17.2 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો.

નેપાળ માટે સુંદીપ જોહરાએ 34 અને રોહિત પૌડેલે 33 રન બનાવ્યા. નેપાળના કેપ્ટન દીપેન્દ્ર સિંહ ઐરીએ 15 રન બનાવ્યા. અફઘાનિસ્તાનની શરૂઆત ખરાબ રહી. ટીમે 16 રનના સ્કોર સુધીમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ



ફૈસલ ખાન અહમદઝઈ અને નજીબુલ્લાહ ઝદરાને ઈનિંગ્સ સંભાળી. બંનેએ 30-30 રન બનાવ્યા. નાંગેયાલિયા ખાને 17 રન બનાવીને અણનમ રહ્યા. નેપાળના કુશલ ભુર્તેલે 4 અને લલિત રાજબંશીએ 3 વિકેટ લીધી. રોહિત પૌડેલે અણનમ 33 રન બનાવ્યા. 103 રનના ટાર્ગેટને ચેઝ કરતાં નેપાળે 12 રન સુધીમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ સુંદીપ ઝોરાએ 34 રન અને રોહિત પૌડેલે અણનમ 33 રન બનાવીને ટીમને સંભાળી. દીપેન્દ્ર સિંહ ઐરીએ 15 રનની ઈનિંગ્સ રમી.

અફઘાનિસ્તાન માટે ફરીદૂન દાવૂદઝઈ, અબ્દુલ્લાહ અહમદઝઈ અને અરબ ગુલે એક-એક વિકેટ લીધી. રાશિદ, ગુરબાઝ અને ઓમરઝઈને આરામ. અફઘાનિસ્તાનની ટીમમાં નિયમિત કેપ્ટન રાશિદ ખાન, રહમાનુલ્લાહ ગુરબાઝ અને અઝમતુલ્લાહ ઓમરઝઈ જેવા સિનિયર ખેલાડીઓને સામેલ કર્યા નહોતા. ત્રણેયને આરામ આપ્યો હતો. ભારતનો મુકાબલો નેપાળ અથવા અફઘાનિસ્તાન સાથે થઈ શકે છે. એશિયન ગેમ્સની મેન્સ ક્રિકેટ સ્પર્ધામાં ભારત સીધા ક્વાર્ટર ફાઈનલ રમશે. તેનો સામનો ગ્રુપ-Aમાં બીજા ક્રમે રહેલી ટીમ સામે 28 સપ્ટેમ્બરે થશે.



### એજન્ટોના કમિશન પર સંકજો કસવાની સરકારની તૈયારી

# હેલ્થ અને વાહન ઈન્સ્યોરન્સ સસ્તા થશે

મુંબઈ

ભારતીય વીમા નિયમન અને વિકાસ પ્રાધિકરણ (ઈરડા) ઈન્શ્યોરન્સ સેક્ટરને વધુ પારદર્શક બનાવવા અને ગ્રાહકો પર બોજ ઘટાડવા માટે એક મોટો પ્રસ્તાવ લઈને આવ્યું છે. ઈરડાએ એક નવો મુસદ્દો (ડ્રાફ્ટ) જારી કર્યો છે, જે મુજબ મોટર ઈન્સ્યોરન્સથી લઈને હેલ્થ ઈન્સ્યોરન્સ સુધીના વીમા પર ડિસ્ટ્રિબ્યુટર અને એજન્ટોને મળતું કમિશન ઘટાડવામાં આવશે. આ નિયમો લાગુ થવાથી વીમા ધારકો અને ગ્રાહકોને મોટો આર્થિક ફાયદો અને રાહત મળશે. હાલમાં હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા પર ડિસ્ટ્રિબ્યુટર અને એજન્ટ બંનેને મોટું કમિશન મળે છે, જેમાં પહેલા વર્ષે ડિસ્ટ્રિબ્યુટરને 40 ટકા સુધીનું




કમિશન અપાય છે. ઈરડાએ આ કમિશનને ઘટાડીને 15 ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યારે એજન્ટોને પહેલા વર્ષે 20 ટકા કમિશન મળશે. આ ઉપરાંત, પોલિસી રિન્યુઅલ વખતે ડિસ્ટ્રિબ્યુટરને 5 ટકા અને એજન્ટને 10 ટકા કમિશન આપવાની વાત કહેવામાં આવી છે. અગાઉ રિન્યુઅલ સમયે પણ 10થી 15 ટકા સુધી કમિશન વસૂલાતું હતું. જાણકારોના મતે, અગાઉ જીએસટીમાં ઘટાડાનો ફાયદો ગ્રાહકોને સીધો નથી મળ્યો, પરંતુ હવે આ નવા નિયમોથી ગ્રાહકોને પ્રીમિયમમાં સીધો લાભ મળી શકશે. ઈરડાએ મિસ-સેલિંગ (ગેરમાર્ગે દોરીને વીમો વેચવાની પ્રથા) સામે પણ લાલ આંખ કરી છે. નવા નિયમ અનુસાર, હવે બેંકમાંથી લોન લેતી વખતે ગ્રાહકોને કોઈપણ પ્રકારનો બિનજરૂરી અથવા ફરજિયાત ન હોય તેવો વીમો વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. આ પગલાથી લોન લેનારા સામાન્ય ગ્રાહકોને મોટી રાહત મળશે અને તેઓ બિનજરૂરી વીમાના ખર્ચથી બચી શકશે. છેલ્લા બે વર્ષમાં મોટર ઈન્સ્યોરન્સના પ્રીમિયમમાં 34 ટકા અને તેના કમિશનમાં 259 ટકા સુધીનો જંગી વધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ 2025માં મોટર ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પેટે 29,000 કરોડ રૂપિયા વસૂલાયા હતા, જેમાંથી 7,050 કરોડ રૂપિયા માત્ર કમિશનમાં જ જતા રહ્યા હતા. ઘણી જગ્યાએ તો ગ્રાહકો પાસેથી 50 ટકા સુધીનું કમિશન વસૂલાતું હોવાનું સામે આવ્યું છે.

### 28 સપ્ટેમ્બરથી 3 દિવસની હડતાળ

# બેંકોમાં 5-ડે વર્કિંગ પર સરકારનો ઇનકાર: કર્મચારીઓની માંગ પર સહમતિ નહીં

### બીજી તરફ, બેંક યુનિયનો પોતાની માંગ પર મક્કમ છે અને 28 સપ્ટેમ્બરથી 3 દિવસની હડતાળ પર જવા માટે સંપૂર્ણ તૈયારી કરી છે

મુંબઈ

બેંક કર્મચારીઓની હડતાળના ઠીક પહેલાં મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સરકારે ક્યારેય પણ બેંકો માટે 5-ડે વર્કિંગનું વચન આપ્યું નહોતું અને પગાર સુધારણા અંગેની વાતચીત દરમિયાન પણ આ મુદ્દે ચર્ચા થઈ નહોતી. નાણાં મંત્રાલયના સૂત્રે જણાવ્યું કે આ માંગ કર્મચારી યુનિયનો તરફથી એકતરફી રીતે ઉઠાવવામાં આવી હતી અને બંને પક્ષો વચ્ચે તેના પર કોઈ સહમતિ બની નહોતી.

બીજી તરફ, બેંક યુનિયનો પોતાની માંગ પર મક્કમ છે અને 28 સપ્ટેમ્બરથી 3 દિવસની હડતાળ પર જવા માટે સંપૂર્ણ તૈયારી કરી છે. સામાન્ય જનતાને મુશ્કેલીથી બચાવવા માટે સરકારે જાહેર ક્ષેત્રની બેંકો અને પ્રાદેશિક




ગ્રામીણ બેંકોને 27 સપ્ટેમ્બર (રવિવારે) બેંકો ખુલ્લી રાખવાના નિર્દેશ આપ્યા છે. બેંક કર્મચારીઓના સંગઠન AIBOCનું કહેવું છે કે માર્ચ 2024માં બેંકોનું મેનેજમેન્ટ સંભાળતી સંસ્થા (IBA) અને 9 મોટી બેંક યુનિયનોના ગ્રુપ (UFBU) વચ્ચે પગાર અને કામની શરતોને લઈને એક કરાર થયો હતો. એ જ કરારમાં દર શનિવારે બેંક બંધ રાખવાની વાત પર સહમતિ બની ગઈ હતી.

90% બેંક કર્મચારીઓ હડતાળમાં સામેલ, કામગીરી પર પડશે અસર હડતાળમાં દેશની 7 મોટી બેંક યુનિયનો સામેલ થઈ રહી છે, જેમાં લગભગ 90%થી વધુ બેંક કર્મચારીઓ જોડાયેલા છે. તેમાં AIBEA, AIBOC, NCBE, AIBOA, BEFI, INBEF અને INBOC સામેલ છે. સરકાર અઠવાડિયામાં 5 દિવસ કામ કરવાની વ્યવસ્થા લાગુ કરવાની કોઈ ચોક્કસ તારીખ નક્કી ન કરે ત્યાં સુધી તેમનું આ વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે, એવું યુનિયનોનું કહેવું છે. PLI સ્કીમને લઈને પણ સરકાર અને યુનિયનો સામસામે અઠવાડિયામાં 5 દિવસ કામ ઉપરાંત બોનસ (PLI)ના નિયમોને લઈને પણ વિવાદ ચાલી રહ્યો છે. સરકારે સ્કેલ-4 અને તેનાથી ઉપરના અધિકારીઓ જેવા વરિષ્ઠ અધિકારીઓ માટે બોનસનો એક નવો નિયમ લાગુ કર્યો છે. આ અંતર્ગત સારું કામ કરનારા અધિકારીઓને 365 દિવસના મૂળ પગાર જેટલું ઈન્સેન્ટિવ અથવા બોનસ મળી શકે છે.

### રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ભારતના ઘંઉની ઊંચી માગ

# નિકાસ પ્રતિબંધ ઉઠાવ્યા બાદ બાંગ્લાદેશ દ્વારા ભારતના બે લાખ ટન ઘંઉની ખરીદી

મુંબઈ

રશિયા-યુક્રેન યુદ્ધને લીધે વૈશ્વિક સ્તરે ઘઉંની તંગી સર્જાઈ છે, ત્યારે ભારતે નિકાસ પ્રતિબંધ હટાવતા બાંગ્લાદેશે ભારત પાસેથી 2 લાખ ટન ઘઉં ખરીદવાનો કરાર કર્યો છે. 2022 પછી આ પ્રથમ મોટી ખરીદી છે. યુદ્ધને કારણે કાળા સમુદ્રમાંથી ઘઉંની હેરફેર ખોરવાઈ જતાં એશિયા, આફ્રિકા અને યુરોપના દેશો ભારત તરફ વળ્યા છે. વૈશ્વિક સ્તરે ઘઉંના ઊંચા ભાવ તથા ઘરઆંગણે ઘઉંના વિપુલ પૂરવઠાને ધ્યાનમાં રાખી ભારતે ઘઉંની નિકાસ પરના પ્રતિબંધ ઉઠાવી લીધા બાદ બાંગલાદેશે ભારત ખાતેથી ઘઉંની ખરીદી ફરી શરૂ કરી છે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે કાળા સમુદ્ર મારફત ઘઉંની હેરફેર પર



ખલેલ પડતા તેના વૈશ્વિક ભાવ ઊંચકાયા છે. સ્થાનિક બજારના સુત્રોના જણાવ્યા પ્રમાણે બાંગ્લાદેશે બે લાખ ટન ઘઉં ખરીદીના કરાર કર્યા છે. બાંગ્લાદેશ દ્વારા ૨૦૨૨ બાદ પ્રથમ જ વખત ઘઉંની આટલી મોટી ખરીદી કરવામાં આવી છે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ઘઉંના વૈશ્વિક વેપારના ગણિતો બદલાયા છે. રશિયા-યુક્રેન વિસ્તારોના બંદરો પર વારંવાર થઈ રહેલા હવાઈ હુમલાને કારણે આ વિસ્તારમાંથી ઘઉંનો પૂરવઠો ખોરવાઈ ગયો છે. વિશ્વમાં આ ક્ષેત્ર ઘઉંનું મોટું ઉત્પાદક ક્ષેત્ર છે.

આ હકીકતને ધ્યાનમાં રાખી એશિયા, આફ્રિકા તથા યુરોપના દેશોએ પોતાના ઘઉંની જરૂરિયાત માટે અન્ય પૂરવઠેદારો તરફ નજર દોડાવવાની ફરજ પડી છે.

જે દેશો નાણાંભીડ અનુભવી રહ્યા છે તેમની માટે ઊંચા ભાવના ઘઉં ખરીદવાનું મુશકેલ બની ગયું હોવાનું પણ સ્થાનિક સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

# સેન્સેક્સ 315 પોઈન્ટ વધીને 73,896 પર બંધ

■ નિફ્ટીમાં પણ 77 પોઈન્ટનો ઉછાળો; ઓટો અને રિયલ્ટી શેરોમાં વધુ ખરીદી રહી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 25 સપ્ટેમ્બરે તેજી રહી. સેન્સેક્સ 315 પોઈન્ટ વધીને 73,896 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 77 પોઈન્ટનો વધારો રહ્યો, તે 23,141 પર બંધ થયો. ઓટો, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં આજે વધુ ખરીદી જોવા મળી.

આજથી ચાર IPO ખુલી રહ્યા છે



રનવાલ એન્ટરપ્રાઈઝિસ, જર્મન ગ્રીન સ્ટીલ એન્ડ પાવર, ઓરિએન્ટ કેબલ્સ અને એસવેક્ટરના IPO આજથી ખુલ્યા છે. રનવાલ એન્ટરપ્રાઈઝિસ આ IPO દ્વારા 499.83 કરોડ રૂપિયા, જર્મન ગ્રીન સ્ટીલ એન્ડ પાવર 303.90 કરોડ રૂપિયા, ઓરિએન્ટ કેબલ્સ 552 કરોડ રૂપિયા અને એસવેક્ટર 420 કરોડ રૂપિયા ભેગા કરવા માંગે છે. આ પહેલાં ગઈકાલે એટલે કે 24 સપ્ટેમ્બરે શેરબજારમાં ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સ 1248 પોઈન્ટ ઘટીને 73,581 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 384 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. તે 23,063 પર બંધ થયો હતો.

## અમદાવાદ સહિત ગુજરાતમાં ગણેશ વિસર્જનનો માહોલ

# ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે આજે વિઘ્નહર્તાને ભાવભીની વિદાય!



**ઢોલ-નગારાના તાલ સાથે ગણપતિ બાપ્પાની વિસર્જન યાત્રામાં ઉમટેલો ભક્તોનો જનસાગર**

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ગણેશ મહોત્સવના સમાપન નિમિત્તે ગણેશજીની મૂર્તિઓનું ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. 'ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકર યા'ના જયઘોષ સાથે વિવિધ વિસ્તારોમાંથી ગણેશજીની વિસર્જન યાત્રાઓ નીકળી હતી. ઢોલ-નગારાના તાલે અને ડીજેના સંગીત સાથે મોટી સંખ્યામાં ભક્તો વિસર્જન યાત્રામાં જોડાયા હતા. શહેરમાં અનેક વિસ્તારોમાંથી ગણેશજીની મૂર્તિઓને શોભાયાત્રા સ્વરૂપે વિસર્જન સ્થળો અને કૃત્રિમ વિસર્જન કુંડ સુધી લઈ જવામાં આવી હતી. રસ્તાઓ પર ભક્તોની ભીડ જોવા મળી હતી અને સમગ્ર વાતાવરણ ગણેશમય બની ગયું હતું.

### મકરબા બ્રિજના બંને છેડે ટ્રાફિકજામ થતાં નિર્ણય

## પ્રહલાદનગરથી મકરબા અંડર પાસ તરફ જવાના કોર્પોરેટ રોડનો ભાગ બંધ કરાયો!!

અમદાવાદ

અમદાવાદ-બોટાદ રેલવે લાઈન પર મકરબામાં એસજી હાઈવે અને જુહાપુરાને જોડતા નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા બાદ બ્રિજના છેડા પર ચાર રસ્તા હોવાના કારણે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. લોકાર્પણ બાદના પ્રથમ દિવસે જ અધિકારીઓ અને ભાજપના જ શાસકોની બ્રિજના પ્લાનિંગ અને ડિઝાઈનની ગંભીર ખામીના કારણે ટ્રાફિકજામ થયો હતો. જેને પગલે ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતને પત્ર પાઠવી બ્રિજના બંને તરફના છેડા



પર સિગ્નલ મુકવા અને ટ્રાફિક પોલીસની વ્યવસ્થા ગોઠવવા માટે જાણ કરી હતી. આ ટ્રાફિક સમસ્યાને પગલે પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકરબા બ્રિજથી એસજી હાઈવે હવે સીધા જઈ શકાય તેવી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પ્રહલાદનગરથી મકરબા અંડર પાસ તરફ જવાના કોર્પોરેટ રોડનો ભાગ બંધ કરી કેપ્સ્યૂલ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મકરબા રેલવે ઓવરબ્રિજ પરથી સીધા હાઈવે તરફ અને એસજી હાઈવેથી જુહાપુરા તરફ આવી શકાશે. જે નાગરિકો પ્રહલાદનગર તરફથી મકરબા અન્ડર પાસ તરફ જવા માંગતા હોય તેઓએ રેલ્વે ઓવરબ્રિજ પાસે ડાબી તરફ વળીને બ્રિજની નીચે થઈને બહાર નીકળી ફરીથી કોર્પોરેટ રોડ પર સીધા જઈ શકશે. મકરબા અંડર પાસ થઈને પ્રહલાદ નગર તરફ જવા વાળા નાગરિકોએ બ્રિજ પાસેથી ડાબી તરફ વળાંક લઈને YMCs તરફ જઈ આગળથી યુ-ટર્ન લઈને પરત આવી અને પાછા પ્રહલાદ નગર તરફ જઈ શકશે.

## નિરમા યુનિ.ના સ્ટેન્ડઅપ કોમેડી શોમાં વિદ્યાર્થીનો કોલર પકડી ધમકાવતા વિવાદ

અમદાવાદ

નિરમા યુનિવર્સિટીમાં સ્ટેન્ડઅપ કાર્યક્રમમાં પ્રોફેસરે વિદ્યાર્થીનું કોલર પકડીને ધમકાવતા વિવાદ: ABVPએ વિરોધ કરી પ્રોફેસર સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી, કહ્યું સ્ટેજ પર વિદ્યાર્થીને અપમાનિત કરવામાં આવ્યો, વીડિયો વાયરલ થતા તપાસ કમિટી બનાવાઈ

નિરમા યુનિવર્સિટીમાં સ્ટેન્ડઅપ કોમેડીના કાર્યક્રમ સમયે એચ.કે પટેલ નામના એક પ્રોફેસરે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવી કોલર પકડીને ધમકાવ્યો હતો. જેનો વીડિયો વાઈરલ થતાં પ્રોફેસર સામે વિદ્યાર્થી સંગઠનમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા નિરમા યુનિવર્સિટી પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વાઈસ ચાન્સેલરને આવેદન પત્ર આપી વિદ્યાર્થીને ધમકાવનાર પ્રોફેસર સામે કડક કાર્યવાહની માંગ કરવામાં આવી છે. જોકે. વીડિયો વાઈરલ થયા બાદ નિરમા યુનિવર્સિટી દ્વારા એક તપાસ કમિટી બનાવવામાં આવી છે.

### નરનારાયણ કોમ્પલેક્ષના સેક્રેટરીનો આક્ષેપ-અહીં કુટણખાનું ચાલતું હતું

## કોચરબ આશ્રમ પાસેના સ્પામાં લાગેલી આગ કાબૂમાં : 3 મહિલા અને એક પુરુષને બચાવ્યા

અમદાવાદ

અમદાવાદના પાલડી વિસ્તારમાં કોચરબ આશ્રમ પાસે કોઠાવાલા ફ્લેટ નજીક સ્પામાં આગ લાગવાની ઘટના બની છે. ફાયર બ્રિગેડની સાતથી આઠ ગાડીઓ ઘટના સ્થળ ઉપર મોકલવામાં આવી હતી.



સ્પા સેન્ટરમાં 4 લોકો ફસાયા હોવાની જાણ થઈ હતી. જેને પગલે ફાયર બ્રિગેડ દ્વારા 3 મહિલાઓ અને એક પુરુષ એક ચાર ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડ દ્વારા આગ કાબૂમાં લેવામાં આવી હતી.

આગ લાગી તે નરનારાયણ કોમ્પ્લેક્ષના સેક્રેટરી દેવાંગ સોલંકીએ જણાવ્યું કે, સ્પામાં લોકો દારૂ પીને આવતા હોવાથી સ્થાનિક દુકાનદારો સાથે અનેકવાર ઝઘડા થયા છે. આ અંગે ડીસીપી ઝોન 7 શિવમ વર્માએ જણાવ્યું કે, સ્પા કોણ ચલાવતું હતું. માલિક કોણ છે તેને લઈને તપાસ કરવામાં આવી રહી છે. ઉપરાંત એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધવાની તજવીજ હાથધરી છે. ફાયર ઓફિસર પંકજ રાવલે જણાવ્યું કે 4 વાગ્યાની આસપાસ સ્પા સેન્ટરમાં આગ લાગવાનો કોલ મળતા ફાયરની 8 જેટલી ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. બાદમાં ફસાયેલા લોકોને ફાયરની ટીમે સલામત રીતે બહાર કાઢ્યા હતા. જો કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

સ્પામાં કામ કરતી મહિલાએ જણાવ્યું કે હું લાલ દરવાજાથી પરત આવીને અન્ય મહિલા સાથે બેઠી હતી. ત્યારે એસીમાં અચાનક આગ લાગતા સોફા પર અને બાદમાં ફર્નિચરમાં લાગી હતી. આગ લાગતા અમે 5 લોકો બહાર દોડી આવ્યા હતા.

### સાહસિક વેપારીની બૂમાબૂમથી બે કુખ્યાત શખ્સો ઝડપાયા!

## અમદાવાદ ધ્રુજી ઉઠ્યું: નારોલમાં આંગડિયા પેઢી પર હથિયારધારી લૂંટનો પ્રયાસ નિષ્ફળ

અમદાવાદ

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદના સંવેદનશીલ ગણાતા એવા નારોલ BRTS બસ સ્ટેન્ડ પાસે આવેલ આકાર કોમ્પલેક્ષમાં દિનદહાડે બંદૂકની અણીએ આંગડિયા પેઢીને નિશાન બનાવવાનો સનસનાટીભર્યો પ્રયાસ થયો હતો. જોકે, ફરિયાદીની સતર્કતા અને સમયસૂચકતાના કારણે લૂંટારૂઓનો મનસૂબો નિષ્ફળ ગયો હતો અને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

નારોલ BRTS બસ સ્ટેન્ડ નજીક આવેલા આકાર કોમ્પલેક્ષમાં આવેલી પટેલ મહેન્દ્ર સોમાભાઈ આંગડિયા પેઢી પર આ ખતરનાક હુમલો થયો હતો.

બે અજાણ્યા ઈસમો ગ્રાહકના સ્વાંગમાં કે અચાનક હાથમાં જીવલેણ હથિયારો લઈને પેઢીમાં ઘૂસી આવ્યા હતા અને સીધા જ દેશી તમંચો (બંદૂક) બતાવીને ભયનો માહોલ ઊભો કરી લૂંટ ચલાવવાનો નાપાક પ્રયાસ કર્યો હતો.

હથિયાર જોડે જોઈને ડરી જવાના બદલે આંગડિયા પેઢીના સંચાલક/ફરિયાદીએ તાત્કાલિક સાહસ દાખવીને જોર-જોરથી બૂમાબૂમ શરૂ કરી દીધી હતી.

ફરિયાદીની બૂમાબૂમ સાંભળીને આસપાસના વેપારીઓ અને લોકટોળાં તાત્કાલિક દોડી આવ્યા હતા. લોકોની ભીડ જોઈને લૂંટારૂઓના હોશ ઉડી ગયા હતા.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તુરંત જ ઈસનપુર પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કુશળતાપૂર્વક કાર્યવાહી કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૩ દેશી તમંચા અને ૧૯ જીવંત કારતૂસ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

### નવરાત્રિ પહેલાં જ કામકાજ શરૂ કરો

## ઉત્તરાયણમાં ચાઈનીઝ દોરી, તુક્કલ અને ભારે ગ્લાસ કોટેડ માંજા પર પ્રતિબંધની અમલવારી ઉપર HCની સૂચના

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ 2016માં ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ તુક્કલ ઉપર પ્રતિબંધની માંગ સાથેની જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જે સંદર્ભે હાઈકોર્ટે ઉપરોક્ત સામગ્રી સાથે સિન્થેટિક દોરી અને ભારે ગ્લાસ કોટેડ માંજા ઉપર પણ પ્રતિબંધ મૂક્યો છે. દર વર્ષે ઉત્તરાયણના આગમન પહેલા આ સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં અમલવારી બાબતે સુનાવણી યોજાય છે.



આજે સરકારી વકીલે જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ તરફથી પ્રતિબંધને લગતા જાહેરનામા બહાર પાડી દેવામાં આવ્યા છે. જો કે ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે આ જાહેરનામામાં હાઈકોર્ટ દ્વારા અગાઉ અપાયેલા તમામ નિર્દેશોનો સમાવેશ કરવામાં આવે. વળી ફક્ત જાહેરનામું બહાર પાડીને સંતોષ માનવામાં આવી નહીં, પરંતુ ગ્રાઉન્ડ લેવલે અત્યારથી જ કામગીરી શરૂ કરી દેવી જોઈએ.

કારણ કે ઉતરાયણને લગતી સામગ્રીઓનું ઉત્પાદન અત્યારથી જ શરૂ થઈ જાય છે. આથી પ્રતિબંધિત સામગ્રીઓનું ઉત્પાદન અટકાવી શકાય. વળી હાઈકોર્ટે અરજદારને પણ જણાવ્યું હતું કે કોર્ટ ઉત્તરાયણના તહેવાર ઉપર પ્રતિબંધ મૂકી શકે નહીં. તેઓએ લોકોને પતંગ ન ચગાવવા માટે જાગૃત કરવા કેમ્પેઇન કરવું જોઈએ. વળી જો દરેક નાગરિકો કાયદો પાળતા જ હોત તો હાઈકોર્ટ કે જિલ્લા અદાલતોની જરૂર જ નહોતી. હાઈકોર્ટે આ સંદર્ભે વધુ સુનાવણી 9 ઓક્ટોબરના રોજ રાખી છે, તેમજ ઓથોરિટીની કામગીરી કોર્ટ સમક્ષ મુકવા હુકમ કર્યો છે.

## સંક્ષીપ્ત સમાચાર

### વસ્ત્રાપુરમાં ભાડે રહેતી યુવતીની છેડતી: દૂધ ડિલિવરી યુવકે અભદ્ર ઈશારા કર્યા

અમદાવાદના વસ્ત્રાપુરમાં વહેલી સવારે દૂધ ડિલિવરી કરવા આવતા યુવક દ્વારા યુવતી સાથે અભદ્ર વર્તન કરવામાં આવ્યું હોવા અંગેની ફરિયાદ નોંધાઈ છે. યુવતી પાસે પાણી માંગ્યું હતું ત્યારબાદ યુવતીએ તેને ના પાડતા સામે જોઈ રહ્યો હતો, ત્યારબાદ તેણે નજીક આવી અને પેન્ટ ઉતારવાની કોશિશ કરી અને અભદ્ર ઈશારા કર્યા હતા. યુવતી ગભરાઈ ગઈ હતી અને તાત્કાલિક ધોરણે બૂમાબૂમ કરી હતી. આ મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. યુવતીની સામે જોઈ રહ્યો હતો, ત્યારે યુવતી કહ્યું હતું કે કેમ સામે જોઈ રહ્યો છે. શું છે તારે એવું કહેતા અનિલે તેની પાસે પાણી મળશે એમ કહ્યું હતું. જેથી યુવતીએ ના પાડી હતી. ત્યારબાદ અનિલ તેની નજીક આવી ગયો હતો અને તેનું પેન્ટ ઉતારવાની કોશિશ કરી અને અભદ્ર વર્તન કરવા લાગ્યો હતો.

### એરપોર્ટ પર કોકેઈનનો મોટો જથ્થો ઝડપાયો: ટ્રોલી બેગના હેન્ડલ-પ્લાસ્ટિક સપોર્ટમાં છુપાવેલું 981 ગ્રામ ડ્રગ્સ મળ્યું

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાણે કે દાણચોરી માટે પંકાઈ ગયું હોય તેમ જણાઈ રહ્યું છે. ગાંજો, સોનાના દાગીનાથી માંડીને નશીલા પદાર્થોની હેરાફેરીના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. આ કેસો જોતાં ગુજરાત ઉડતાં પંજાબની દિશામાં ધસી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ગઈ કાલે તા. 24 સપ્ટેમ્બરના રોજ કતાર એરવેઝમાં આવેલા યુગાન્ડાના મુસાફર પાસેથી DRIએ લાખો રૂપિયાની કિંમતનો કોકેઈનનો જથ્થો પકડી પાડ્યો હતો. DRIએ મુસાફરની ધરપકડ કરી તે કોની પાસેથી લાવ્યો હતો અને ભારતમાં કોને આપવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે. DRI, અમદાવાદ ઝોનલ યુનિટના અધિકારીઓને 24 સપ્ટેમ્બર, 2026ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (SVPIA), અમદાવાદ ખાતે આવનાર યુગાન્ડાનો એક નાગરિક ભારતમાં માદક પદાર્થોની દાણચોરી કરી રહ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

### લંડનમાં નોકરીના બહાને પોલીસકર્મી સસરા પાસેથી લાખો રૂપિયા પડાવ્યા, પ્રેમી સાથે છૂમંતર

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં પોલીસ ખાતામાં ફરજ બજાવતા સસરાએ પોતાની પુત્રવધૂનું વિદેશ જવાનું સપનું સાકાર કરવા માટે જીવનભરની મૂડી સમાન જીપીએફ ફંડ ઉપાડી તેમજ ઘર ગીરો મૂકીને લાખો રૂપિયાની વ્યવસ્થા કરી આપી હતી. જોકે, લંડનમાં નોકરીના નામે પુત્રવધૂએ સસરા પાસેથી તબક્કાવાર 15.59 લાખ પડાવી લીધા બાદ પોતાના મિત્ર સાથે રફુચક્કર થઈ ગઈ હતી. આ સમગ્ર મામલે ભોગ બનનાર પતિએ પત્ની અને તેના મિત્ર વિરુદ્ધ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. દીકરા અને પુત્રવધૂ બંનેનું ભવિષ્ય ઉજ્જવળ બનશે તેવું વિચારી સસરાએ સહમતિ દર્શાવી હતી.

### કંપનીની બેદરકારીથી પતિ ગુમાવ્યો, મૃતકની પત્નીને ₹12.07 લાખ વળતર ચૂકવવા UGVCLને કોર્ટનો આદેશ

અમદાવાદના કણભા ખાતે છૂટા લબડતા વાયરના કારણે શોર્ટ સર્કિટથી 35 વર્ષીય વેપારીના મોતના ચર્ચિત કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ(UGVCL) ની બેદરકારી સામે મૃતકની વિધવા પત્નીને બે મહિનામાં 12,07,500નું વળતર ચૂકવી આપવા હુકમ કર્યો છે. કણભાના ચીનુભાઈ પાર્ક ખાતે રહેતા અને છેલ્લા 5 વર્ષથી 'પરી પલક ચાર્ટ સેન્ટર' નામે ફાસ્ટ ફૂડનો ધંધો કરતા રામવિલાસ નિસાદ 15 ડિસેમ્બર 2019 ના રોજ સાંજે પોતાની કેબિન પાસે હતા. તે સમયે ભારે પવન આવતો હોવાથી તેઓ કેબિન બચાવવા માટે પ્લાસ્ટિકનું તાડપત્રી બાંધવા દોરી ઉપર નાખી રહ્યા હતા. દરમીયાન ત્યાંથી પસાર થતા વીજ કંપનીના છૂટા અને લબડતા વાયરો સાથે સંપર્ક થતાં તીવ્ર કરંટ લાગવાથી રામવિલાસનું સ્થળ પર જ કરુણ મોત નિપજ્યું હતું.

### પરમિટ વગર કફ સીરપની હેરાફેરી કરતા બે યુવકની ધરપકડ, 61 બોટલ જપ્ત

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ(SOG)એ પરમિટ વગર કથિત રીતે કોડીન ફોસ્ફેટ યુક્ત કફ સિરપની હેરાફેરી મામલે બે યુવકની ધરપકડ કરી છે. સમગ્ર મામલે પોલીસે ગુરુવારે(24 સપ્ટેમ્બર) કફ સિરપની 61 બોટલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ SOG પોલીસે બાતમીના આધારે દાણીલીમડા-પીરાણા પીપળજ રોડ પર લકી બેકરી સામેના એક કાચા રસ્તા નજીક આરોપીઓને આંતર્યા હતા. આરોપીઓની ઓળખ વેજલપુરના રહેવાસી બિલાલુદ્દીન નિઝામુદ્દીન શેખ(ઉં.વ.23) અને વેજલપુરના જ રહેવાસી રોહિલ રહેમત અલી સૈયદ (ઉં.વ.23) તરીકે થઈ છે.

પોલીસે જણાવ્યું કે, આરોપી પાસેથી 12,810ની કિંમતની કફ સિરપની 61 સીલબંધ બોટલો, 10,000ની કિંમતના બે મોબાઈલ ફોન, 3,700 રોકડા અને 35,000ની કિંમતનું એક સ્કૂટર જપ્ત કર્યું છે.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI